Reg. No. B. 876

શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રકટ થતુ

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥

વર્ષ ૨ જું.

# બુદ્ધિપ્રભા.

## ( LIGHT OF REASON. )

અંક ૧ લો.

नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્ત્તા,
અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

---

વ્યવસ્થાપક,
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ;
નાગોરીસરાહ-અમદાવાદ

---

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦   સ્થાનિક ૧-૦-૦

---

અમદાવાદ. શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| શ્રી મહાવીર સ્તવનમ્. ... | ૧ | સદ્ગુણ દૃષ્ટિની ખીલવણી | ૧૮ |
| મારૂં ગત વર્ષ. ... ... | ૨ | માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ. | ૨૨ |
| ગુરૂબોધ. ... ... ... | ૪ | જાતિ સ્મરણ. ... ... | ૨૭ |
| આત્માની ગુલામગીરી. ... | ૯ | પુનર્જન્મનો અદ્ભુત દાખલો. | ૩૧ |
| આશા તૃષ્ણા. ... ... | ૧૧ | | |



# જાહેર ખબર.

### જૈન વિધવાઓ માટે.

સમગ્ર જૈન કોમને જણાવવાનું કે સિદ્ધ ક્ષેત્રમાં તારીખ. ૬-૪-૧૯૧૦ ના રોજ આપણી કોમની વિધવાઓની દુર્દશા જોઇ તેમની સ્થિતિ સુધારવા માટે જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ તરફથી **જૈન બાળ વિધવાશ્રમની** સ્થાપના કરવામાં આવી છે તો તેમાં દાખલ થવા ઇચ્છનાર બાઇએ તેના નિયમો તથા દાખલ થવાનું ફોર્મ નીચેના શીરનામેથી મંગાવી ભરી મોકલવું.

લી. સેવક પુરબાઇ જેઠાભાઇ ખેતસી
રક્ષિકા-વિધવાશ્રમ.
પાલીતાણા ( કાઠીયાવાડ )

---

## ઝવેરી લલ્લુભાઇ રાયચંદ હોમફોર ઇન્કયુરેબલપૉપર્સ.

અમદાવાદ.

જે લોકોના રોગ કોઇપણ રીતે મટી શકે તેમ ન હોય, તેવા અસાધ્ય રોગવાળા ગરીબોને મદદ કરવાને ઉપર જણાવેલી ઇસ્પીટાલ તા. ૧૩ જાનેવારી સને ૧૯૦૯ ના રોજ અમદાવાદના મહેરબાન કલેકટર સાહેબને હાથે ખોલવામાં આવી છે. તેને જે કંઇ મદદ આપવામાં આવશે તે આભાર સાથે સ્વીકારવામાં આવશે.

મદદની રકમ નીચેને શીરનામે મોકલી આપવી.

**“ બુદ્ધિપ્રભા ” ઓફીસ, નાગોરીશરાહ, અમદાવાદ.**

પશે ત્યારે હું ખરૂં અનુમાન કરીશકે કોણાથી હું વધારે સુશોભીત અને પ્રેમી બનેલ છું કે બનું છું.

મારા લેખકો તદ્દન નિઃસ્વાર્થ વૃત્તિના છે અને તેવાઓજ મને પોષણ કરશે એમ મારી માન્યતા છે. આશાવાન છું કે બીજા લેખકોની વૃદ્ધિ પણ તેજ માન્યતા ટકાવી રાખશે.

મારા કદમાં આ અંકથીજ નિયમિત વધારો કરવાને ગત વર્ષના છેલા અંકમાં ઉમળકો પ્રકટ થયો હતો. પણ તેમ થયું નથી, કારણ તમે પોતેજ છો. કેમકે હું વજનમાં વધુ ત્યારે મને રમાડનારા ઉચકીને ફેરવનારા–બળવાન સાથે સંખ્યામાં વધારે પ્રમાણવાળા જોઇએ અને તેમાં જો ખામી આવી તો મારે સોસાવું પડે, વીમાસવું પડે, અને મેં એક પરોપકારનું કાર્ય માથે લીધું છે કે જૈનબોર્ડીંગને સહાય થઉં, તેમાંથી પાછું હઠવું પડે. હવે વ્હાલા વાંચકો ! મારી સાથે એક કારણેજ નહિ પણ સ્વાર્થ અને પરમાર્થની ખાતર પોતે વાંચનનો લાભ મેળવવો અને જ્ઞાન મેળવવાની જીજ્ઞાસાવાળા પોતાના માનવ અરે ! ધર્મ બંધુઓને સહાય થવામાં થોડો પણ હીસ્સો આપવો તે માટે બંને રૂપે પ્રેમરૂપ થવાને તમોને આગ્રહ કરૂં તો તેને અસ્થાને ન માનશો. જો દરેક વાંચક વધારે નહિ તો બબ્બે નવીન ગ્રાહક વધારવા ઇચ્છશે તો હું હાલ કરતાં ત્રણ ઘણું બળ ધરાવીશ અને મારા પ્રગટ કરતા પોષકોની ઇચ્છાનુસાર હું વજનમાં–કદમાં વૃદ્ધિ પામીશ.

વ્હાલા વાંચકો ! ગત વર્ષમાં આવેલા લવાજમ અને થયેલ ખર્ચ તરફ નજર કરતાં બંને પાસામાં કોઇ પાસું ઘણું ઉંચુ કે નીચું જાય તેમ ન હોવાથી (લગભગ સરખું હોવાથી ) અને ઉપર પ્રમાણે તમો તરફથી સહાય મળે એજ તેની ખાત્રી હોવાથી તમો સહાય થાઓ તે પછીજ મારે કંઇ નવીન કરવું, એમ ન રાખતાં, ગમે તે રૂપમાં બીજા વર્ષમાં ૧૨ ફર્માનું વાંચન વધારે આપવું એમ મારા પ્રગટ કરતા પોષકોનો ઠરાવ મેં સાંભળ્યો છે, તેથી કહેવાને હરકત નથી કે આ કે બીજા અંકેજ તેની શરૂઆત જોઇ કે સાંભળી શકશો.

છેવટમાં મારા દરેક પોષકો પ્રમાદમાંથી જાગૃત રહી પોતાનું કર્તવ્ય સમજે અને અધ્યાત્મ જ્ઞાન રસનું પ્રેમ આલીંગન કરી શાન્તરસ પીએ અને તેઓનો આત્મા ઉચ્ચ કોટીએ ચડે તેવી શુભાશિષ દઇ બીજા વર્ષમાં પ્રવેશ કરૂ છું. ઇતિ શાન્તી.

લી. હું, પોતે.

**" બુદ્ધિપ્રભા. "**

# ગુરૂબોધ.

## સત્ય

( લેખક મુનિશ્રી. બુદ્ધિસાગરજી. )

( ગયા વરસના અંક ૧૨ માના પાને ૨૬૩ થી અનુસંધાન )

## અસત્યભાષા.

દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી અસત્યભાષા ચારપ્રકારની કહેવાય છે. દ્રવ્યથી સર્વ દ્રવ્યસંબંધી અસત્ય બોલવું, ક્ષેત્રથી, લોક અને અલોકમાં. કાલથી દિવસ અને રાત્રી સંબંધીમાં. ભાવથી ક્રોધાદિથી દ્રવ્ય અને ભાવના સંયોગમાં ચતુર્ભંગી જાણવી. કેટલાક દ્રવ્યથી જૂઠું બોલે છે પણ ભાવથી જૂઠું બોલતા નથી. જેમ કોઇ શિકારી કોઇ દયાળુને પુછે કે તેં અત્રથી જતાં મૃગલાં દીઠાં ત્યારે તે ના કહે આમાં ન દીઠા એમ કહેતાં દ્રવ્યથી જૂઠું બોલાયું પણ પરિણામ શુભ છે માટે ભાવથી જૂઠું ન બોલાયું એમ સમજવું.

કેટલાક ભાવથી જૂઠું બોલે છે પણ દ્રવ્યથી જૂઠું બોલતા નથી, કેટલાક દ્રવ્યથી અને ભાવથી મૃષાવાદ બોલતા નથી. ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ, દ્વેષ, હાસ્ય, ભય, આખ્યાયિકા, ઉપઘાત પરિણામ એ દશ પ્રકારે અસત્યભાષા જાણવી. ક્રોધાદિ પરિણામથી કષાય યોગિક કર્મ બંધાય છે માટે તત્ સંબંધી ભાષાને પણ અસત્ય ભાષા કહે છે એ દશ પ્રકારની **અસત્ય ભાષા** પણ પ્રશસ્ત પરિણામના યોગવડે સત્યભાષા છે. જૈન ધર્મ ઉપર દ્વેષ અને મોહથી જે ભાષા બોલવામાં આવે છે તે **અસત્ય ભાષા** છે. તેમાં દશ પ્રકારની ભાષાનો અંતર્ભાવ થાય છે. તોપણ દશ પ્રકારે વિભાગ અનાદિ સંસિદ્ધ છે તેથી ભેદ પાડ્યો છે,

## સત્યામૃષાભાષા ત્રીજીના દશ ભેદ છે.

૧ ઉત્પન્ન મિશ્રિતા કોઈ સ્થાનમાં પંચ છોકરાં જન્મ્યાં અને કહેવું કે દશ છોકરાં ઉત્પન્ન થયાં છે.

૨ વિગત મિશ્રિતા કોઇ ગામમાં ન્યૂન વા અધિક મરે છે તે કહેવું કે આજ આ ગામમાં દશ મરી ગયા.

૩ ઉત્પન્ન વિગત મિશ્રિત ભાષા ઉત્પન્ન વા વિગત, ન્યૂન વા અધિક હોય તોપણ કહેવું કે આ ગામમાં દશ ઉત્પન્ન થયા, દશ મરણ પામ્યા.

**૪ જીવ મિશ્રિત ભાષા**—ઉભયરાશિ વિષય હોય તોપણ અજીવ દ્રવ્યને વર્જીને કહેવું કે આ બહુ જીવરાશિ છે તેમાં જીવાંશે સત્યપણું છે, અજીવાંશે અસત્યપણું છે માટે મિશ્ર ભાષા સમજવી.

**૫** અજીવ મિશ્રિત—જીવ અને અજીવ, ઉભયની રાશિ હોય અને તેમાંથી જીવરાશિ વર્જીને કહેવું કે આ બહુ અજીવરાશિ છે.

**૬ જીવાજીવ મિશ્રિત**—જીવાજીવની રાશિમાં અધિક વા ન્યૂન સંખ્યાનો પ્રયોગ કરવામાં આવે. મરેલા અને જીવતા શંખાદિકમાં આટલા મર્યા અને આટલા જીવે છે.

**૭ અનન્ત મિશ્રિત ભાષા**—અનંત જેમાં જીવ હોય એવી વનસ્પતિમાં પત્રાદિની અપેક્ષાએ અનંત જીવન હોય તોપણ કંદ મૂળ વગેરેને સર્વ પ્રકારે કહેવું કે આ અનંત કાય છે.

**૮** પરીત મિશ્રિત ભાષા—અનંત કાય લેશ વડે સહિત મ્લાન મૂળાદિમાં આ પરીત છે, એમ કહેવું તે આ ભાષા પરીતાંશમાં સત્ય છે અને અનંતાંશમાં અસત્ય છે માટે સત્યામૃષા કહેવાય છે.

**૯ અદ્ધામિશ્રિત ભાષા**—જ્યાં પ્રયોજનના વશથી દીવસ રાત્રીનો વિપર્યાસ કહેવાય છે–રાત્રી છતાં કોઇ કહે કે ઉઠ ઉઠ સૂર્ય ઉગ્યો તેમ દીવસ છતાં કોઇ કહે કે ઉઠ ઉઠ રાત્રી પડી ગઈ,

**૧૦ અદ્ધાદ્ધામિશ્રિત ભાષા**—રાત્રી વા દીવસના પ્રહરાદિ ભાગને અન્ય અન્યપ્રહારથી મિશ્રિત કરી બોલવો. જેમ પ્રથમ પ્રહર વર્તતાં છતાં કહેવું કે ચાલ ચાલ મધ્યાન્હ થયો.

હવે ચોથી **અસત્યામૃષાના** ભેદો કહે છે.

અસત્યામૃષાભાષા બાર પ્રકારની છે ૧ આમંત્રણી ૨ આજ્ઞાપની ૩ યાચની ૪ પૃચ્છની ૫ પ્રજ્ઞાપની ૬ પ્રત્યાખ્યાની ૭ ઇચ્છાનુલોમા ૮ અનભિગૃહીતા ૯ અભિગૃહીતા ૧૦ શંસયકરણી ૧૧ વ્યાકૃતા ૧૨ અવ્યાકૃતા.

દેવતા, નારક અને મનુષ્યોને સત્યાદિ ચારપ્રકારની ભાષા હોય છે. વિકલેન્દ્રિય જીવોને **ચોથી અસત્યામૃષા** હોય છે.

શ્રુતવિષયક ભાવભાષા ત્રણ પ્રકારની છે, સત્ય, અસત્ય અને અસત્યામૃષા. સમ્યગ ઉપયોગીને આગમાનુસારે બોલતાં વિશુદ્ધાશયપણાથી સત્ય ભાષા હોય છે. સમ્યગ્દૃષ્ટિ શ્રુતવિષયક સત્યભાષા બોલી શકે છે, અનુપયોગ પણાથી સમ્યગ્દૃષ્ટિને બોલતાં અસત્ય ભાવ મૃષા ભાષા કહેવાય છે, મિથ્યાત્વીજીવને તો ઉપયોગથી બોલતાં વા અનુપયોગથી બોલતાં સર્વ શ્રુતગોચર

અસત્યભાષા જાણવી, ઉન્મત્ત વચનની પેઠે જાણવી.

શ્રુતજ્ઞાનના સૂત્રોનું પરાવર્તન કરતાં ઉપયોગપણે જે બોલે છે તેને **અસત્યામૃષા ભાષા** હોય છે, સૂત્રમાં ઘણુંકરી આમંત્રણી આદિરૂપ અસત્યા મૃષાભાષા હોય છે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલ જ્ઞાનમાં ઉપયુક્ત થએલો જે બોલે છે તેપણ ભાષા, **અસત્યામૃષા** કહેવાય છે. આમંત્રણીવત્ જાણવું. શ્રુતભાવભાષાનું કથન કર્યું.

હવે ચારિત્ર સંબંધી ભાવભાષા કહે છે.

જે ભાષા બોલતાં ચારિત્રની વિશુદ્ધિ થાય તે ચારિત્ર સંબંધી સત્યભાષા જાણવી. જે ભાષા બોલતાં ચારિત્ર ન રહે તે **અસત્યભાષા** જાણવી. એ બે ભાષાઓ ચારિત્રમાં ભાવ આશ્રયી જાણવી, દ્રવ્યથીતો અન્યભાષાઓનો પણ ભાષકને સંભવ છે. દ્રવ્યથી સાધુને સત્ય અને **સત્યામૃષાભાષા** બોલવાની અનુજ્ઞા છે.

## गाथा.

**दोचेव अणुमायाओ, वोत्तुं सच्चा अ सच्चमोसाय**
**दोन्निय पडिसिद्धाओ, मोसाय असच्चमोसाय ॥ १ ॥**

અનુમતિ આપેલી એવી બે ભાષાઓ પણ સાધુ સ્વપરનું હિત થાય તેવી રીતે બોલે, કોઇ વસ્તુનો આરંભ થાય અને તેથી લાખો જીવોનો નાશ થાય એવી ભાષા સાધુ બોલે નહિ, આવ, બેસ, ઉભો રહે ઇત્યાદિ ભાષાથી અસંયતને બોલાવતાં અયતના પ્રવૃત્તિ તે કરે તેથી સાધુને દોષ લાગે માટે સાધુ ઉપયોગથી વચનસમિતિથી બોલે, તે સંબંધી કહ્યું છે કે—

**दोसे गुणय नाउणं, जुत्तीए आगमेण य**
**गुणा जह ण हायंति, वत्तव्वं साहुणा तहा. ॥ १ ॥**

**महेसिणो धम्मपरायणस्स, अज्जप्प जोगेपरिणिठिअस्स**
**पभासमाणस्स हियंमियं च, करेइ भासाचरणं विसुद्धं ॥ २ ॥**

યુક્તિ અને આગમવડે દોષો અને ગુણોને જાણીને ગુણો અને ચારિત્ર પરિણામ વૃદ્ધિ હેતુઓ નાશ જેમ ન પામે તેમ સાધુએ બોલવું.

ચારિત્રમાં તત્પર તથા અધ્યાત્મ યોગમાં નિષ્ઠા પામેલા એવા મુનીશ્વરને ભવિષ્યકાલમાં ગુણકારક મિત બોલતાં ચારિત્રની વિશુદ્ધિ ભાષા કરે છે, ચારિ-

ત્રની શુદ્ધિવડે મોહનો ક્ષય કરી કેવલજ્ઞાન લક્ષ્મીને પામે છે, શૈલેસીકરણ કરી અંતે મોક્ષનું શાશ્વત સુખ પામે છે.

ભાષાનું જ્ઞાન થયા વિના સાધુઓ ભાષાસમિતિ રાખી શકતા નથી. સાત નયાદિ જ્ઞાનથી તથા ચાર નિક્ષેપાના જ્ઞાનથી ભાષા સમિતિની શુદ્ધિ થાય છે. શાસ્ત્રકારો કહે છે કે, ભાષાનું જે રહસ્ય યથાર્થ જાણતો નથી તે ઉપદેશ દેવાને લાયક નથી. કારણ કે તત્ત્વોનું જ્ઞાન થયા તથા અપેક્ષા સમજ્યાવિના ઉંધું ભાષણ કરી શકે તેથી શ્રોતાઓને વિપરીત શ્રદ્ધા થવાથી મહાદોષ પ્રાપ્ત થાય છે—

ઉત્સૂત્ર ભાષણથી અનંતકાલ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે, ચોથું વ્રત કોઇ અંગીકાર કરે છે તો તેની શુદ્ધિ આલોચનાથી થઇ શકે છે. પણ જે જાણીને ઉત્સૂત્રભાષણ કરે છે તેની શુદ્ધિ શી રીતે થઇ શકે ?

હાલના સમયમાં ભાષાના રહસ્ય જે સાધુઓ તથા ગૃહસ્થો જાણતા નથી તેમનાં વચન. નિરવદ્યપણાને ભજતાં નથી.

**સત્યતત્ત્વનું** જ્ઞાન થયાવિના સત્યભાષા બોલી શકાતી નથી, કેટલાક લોકો અભિમાન ધારણ કરીને કહે છે કે અમો સત્ય ભાષણ કરીએ છીએ. જે એવી રીતે અભિમાન ધારણ કરે છે પણ સત્ય તત્વનયોની અપેક્ષા વિના જાણતા નથી તે એકાંત તત્ત્વનું ભાષણ કરી પોતે બુડે છે અને અન્યને પણ બુડાડે છે. માટે સિદ્ધાંતનું જ્ઞાન કરી ઉપયોગપૂર્વક બોલવા પ્રયત્ન કરવો; સાધુ, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી હિતકર ભાષા બોલી જિનાજ્ઞાનું પરિપાલન કરી અનંત સહજ સમાધિ સુખ પામે છે, માટે પૂર્વોક્ત ભાષાનું સ્વરૂપ જાણી, વ્યવહારથી અને નિશ્ચયથી સત્ય ભાષા બોલવી, સત્ય બોલવાથી આત્મા અન્યજીવોઉપર અત્યંત ઉપકાર કરે છે.

કેટલાક જીવો સત્ય સમજીને સત્ય બોલે છે તેમને ધન્યવાદ ઘટે છે, સત્ય ભાષણ કરવામાં જે મનુષ્યો ભય પામે છે તે આત્મોન્નતિ કરી શકતા નથી, પ્રથમના સમયમાં અનેક મહાત્માઓ ધૈર્ય ધારણ કરી સત્ય બોલ્યા છે. સત્ય બોલવાથી ધર્મનો ફેલાવો થાય છે. જે મનુષ્યો સત્યભાષારૂપ દેવની આરાધના કરે છે તેમનાં મનોવાંછિત સહેજે ફળે છે.

સત્ય બોલવામાં કંઇ ધન ખર્ચવું પડતું નથી. આત્મા જો દૃઢ સંકલ્પથી ધારે તો સત્ય બોલી શકે છે. ખરેખર સત્ય બોલવાથી જિહ્વા પવિત્ર થાય છે,

જે જે પ્રસંગે હે ભવ્યો ! તમો બોલો તે તે સમયે વિચારીને બોલો. સ્વાર્થની ખાતર પરમાર્થનો નાશ કરશો નહીં, તમારા આત્માની નિર્મલ

દશા કરવી તમારાજ હસ્તમાં છે. તમે ધારો તે કરી શકવા સમર્થ છો, ત્યારે તમે શામાટે અસત્ય વચન વદો છો, તમારો આત્મા સત્ય બોલવાથી સૂર્યની પેઠે પ્રકાશ કરનારો થશે. સત્યથી ભવસાગર તરી શકશો.

જગતની અને આત્માની ઉન્નતિ ઇચ્છતા હોવ તો સત્યસંભાષણ કરો, દયા ધર્મનો ફેલાવો કરવા ઇચ્છા હોય તો સત્ય સંભાષણ કરો. જે દેશમાં જે કાલમાં મનુષ્યો વિશેષતઃ સત્ય સંભાષણ કરે છે તે દેશની તે સમયે ઉન્નતિ થયાવિના રહેતી નથી—

સત્ય બોલવું એ ખરેખર ધર્મ છે. ખરા અંતઃકરણથી તમે સત્ય બોલવાની ઇચ્છા કરો. સત્યની સ્તુતિ કરો, કદાપિ અસત્ય બોલાઇ જાય તો તે સંબંધી મનમાં પશ્ચાત્તાપ કરો અને ફરીથી અસત્ય ન બોલાય તેમ દૃઢ સંકલ્પ કરો. સત્ય બોલતાં સંકટ પડે તોપણ સત્યજ વદશો. દેવતાઓ પરીક્ષા લેવા આવે તોપણ તમે સત્યજ વદશો. સત્યભાષકને મંત્ર, તંત્ર, બળ આપે છે. ભૂતાદિ દોષનો ઉપદ્રવ દૂર કરવામાં સત્ય ભાષણ અમૂલ્ય મંત્ર છે. હું સત્ય બોલીશ, સત્ય એ મારો ધર્મ છે, એમ દૃઢ સંયમ કરશો. જેમ જેમ તમે દરરોજ સત્ય બોલવાની પ્રવૃત્તિ વધારશો તેમ તેમ તમારામાં આત્મબળની વૃદ્ધિ થશે અને પછીથી તમે સહેજે સત્ય બોલી શકશો અને તેથી તમે જગત્માં પૂજ્યપદને પ્રાપ્ત કરશો. હે ભવ્યો ! અમૂલ્ય જિવ્હા પામીને તમે પ્રાણાંતે પણ અસત્ય ભાષણ કરશો નહીં. ઉત્સર્ગ અને અપવાદ માર્ગ સમજી સત્ય વ્રતમાં સ્થિર રહેશો.

જગત્ જનોની અસત્ય ભાષણ પ્રવૃત્તિની ધમધમા જોઇ તથા તેમાં તાત્કાલિક થતો લાભ જોઇ પતંગીયું જેમ દીપકમાં કુદી પડે છે, તેમ તમો પડશો નહીં, સત્ય બોલવાથી અંતે તમારો વિજય છે. સત્ય ભાષણ શક્તિથી તમે સર્વ પ્રકારની ઋદ્ધિ પ્રાપ્ત કરશો, તમારા આત્માને લાગેલાં કર્મ ખરી જશે, બાળકો પુરૂષો તથા સ્ત્રીઓએ દુનિયામાં અનેક જાતની પ્રવૃત્તિ કરતાં સત્ય સંભાષણ કરવું. પ્રતિદિન સત્ય સંભાષણની પ્રવૃત્તિથી સર્વકાલમાં સર્વ દેશની સર્વ બાબતમાં ઉન્નતિ થાય છે. સત્યના માટે તમે વાંચશો એટલે હૃદયમાં કંઇક અસર થશે. સત્ય બોલવાની ઇચ્છા થશે પણ પશ્ચાત્ ભૂલી જવાના માટે એક ટેકથી સત્ય બોલવાની સ્મૃતિ રાખી સત્યજ બોલશો. સત્ય બોલવાથી તમારૂં વર્તન દેખી લાખો મનુષ્યોને સત્યની રૂચિ થશે અને તેથી સ્વપર માટે સુખના માર્ગ ખુલ્લા કરી અંતે પરમ સહજ સુખ પ્રાપ્ત કરશો.

ॐ शान्तिः

# આત્માની ગુલામગીરી.

---

## એક આશ્ચર્ય?

જ્યારે આપણે ભૂતકાળ તરફ દષ્ટિ ફેરવીએ છીએ, ત્યારે, મનુષ્ય જાતિનો ઘણો ભાગ ગુલામગીરીની ધુંસરી નીચે ચંપાતો અને દુઃખી થતો આપણી નજરે પડે છે. આવી બાબતોનો અભ્યાસ કરવો, તે આનંદદાયક નથી, પણ આપણે ભૂતકાળને વર્તમાનકાળ સાથે સરખાવી ભવિષ્યને ઉપયોગી શિક્ષણો ગ્રહણ કરી શકીએ, તે માટે ભૂતકાળનો ઇતિહાસ તપાસવાની જરૂર છે. ગુલામગીરી જોકે આપણી દૃષ્ટિએ હલકી પાયરી લાગે છે, પણ ખરી રીતે તપાસતાં તે ઉન્નતિક્રમનું એક અગત્યનું પગલું સૂચવે છે. પ્રથમ એવો સમય હતો કે યુદ્ધમાં પકડાયેલા કેદીઓને, એક મોટી જ્યાફત કે જેમાં મનુષ્યના માંસનો ઉપયોગ થતો હતો, તેને વાસ્તે, રાખી મુકવામાં આવતા અને તે મનુષ્યરૂપી રાક્ષસોના અધમ જીહ્વાસ્વાદને સારૂ તે બિચારા કેદીઓને મારીને તેમનું માંસ રાંધવામાં આવતું હતું. ઇતિહાસ જણાવે છે તેમ હજારો કેદીઓને મારી નાખવા કરતાં તેમને બચાવવા, ગુલામ બનાવવા અને તેમની પાસે વૈતરૂ કરાવવું, એ એક આગલનું પગલું છે, એમતો સહેજ વિચાર કરનારને સમજાયા વગર રહેશે નહિ. પણ આ ગુલામગીરીનો રીવાજ પણ લાંબો વખત ચાલી શકે તેમ નહોતો. જો કે મારીનાખવા કરતાં ગુલામ બનાવવાનો રીવાજ એક રીતે વધારે ઉત્તમ છે, છતાં ડાહ્યા અને જ્ઞાની પુરૂષોને વિચાર કરતાં માલુમ પડ્યું કે આ ગુલામો ઉપર તેની બહુજ માઠી અસર થાય છે. પ્રાચીનકાળના એક ગ્રીક ફીલસુફે લખ્યું છે કે “ જ્યારે મનુષ્ય ગુલામ બને છે. ત્યારે તેની અર્ધી મગજશક્તિ તો તે વખતેજ વિનાશ પામે છે. અને જેને ગુલામગીરીનો બરાબર અનુભવ હતો એવો હાલનો એક પ્રખ્યાત વિદ્વાન્ જણાવે છે કે ગુલામગીરીની ધુંસરી નીચે આવેલા મનુષ્યોમાં **બીકણપણું, કપટ, મહેનતતરફ અરૂચિ, ચોરી કરવાની ટેવ, વિષયવાંછના, અવિચારીપણું**, અને **નિસ્તેજપણું**—આવા દુર્ગુણો પ્રવેશ કરે છે. ગુલામગીરી અસલના વખતમાં એટલી બધી સાધારણ હતી કે મોટા મોટા વિદ્વાનો પણ તે સંબંધી ચુપ રહ્યા છે, પણ તેના વિરૂદ્ધ બોલ્યા નથી. ગુલામગીરી અથવા ગુલામોના શરીરો ઉપર પૂર્ણ સત્તા—એ બાબતો ઘણા લાંબા સમય સુધી લોકોના તિરસ્કારને પાત્ર ગણાતી ન હતી. પ્રાચીન સમયમાં કેટલાક ગુલામો તેમના શેઠ કરતાં વિદ્યામાં અને

બુદ્ધિમાં આગળ વધેલા હતા. છોકરાઓને ગમત સાથે જ્ઞાન આપનારી વાર્તાઓ લખનાર **ઇસપ** તેમજ બીજા ગુલામો તેમના શેઠના છોકરાઓને ખાનગી શિક્ષણ આપતા હતા, અને ઘરમાં કેટલીકવાર તો જોખમ ભરી જગ્યાઓ સાચવતા હતા. શરીરની ગુલામગીરી એ બહુ અનર્થકારી બાબત ગણવામાં આવતી નહતી, છતાં આપણે ગુલામગીરીના વિચાર ઉપર અત્યારે તિરસ્કારની દૃષ્ટિથી જોઇએ છીએ તે બરાબર છે. અરે! પણ વધારે અફસોસની–વધારે શોક ઉપજાવનારી બાબત તો એ છે કે આપણો આત્મા, ઇંદ્રિયો અને વિકારોને સ્વાધિન વર્તે છે. આ સંબંધમાં એક મહાપુરૂષે જે બોધ આપ્યો છે તે શાંતિથી શ્રવણ કરો અને તે પ્રમાણે વર્તો. તેમણે ઉપદેશ આપ્યો છે કે "તમે ગુલામ હો કે શેઠ હો–ગમે તે હો પણ નમ્ર અને માયાળુ બનો, હૃદયને શુદ્ધ રાખો, દયાભાવ પ્રકટ કરો, શાંતિ અને સલાહ કરનારા થાઓ, અને સન્માર્ગે વળો. જો તમારામાં એ ગુણો હશે તો તમે ગમે તેવી સ્થિતિમાં આનંદી જીવન ગાળી શકશો, અને દરેક સંજોગોમાં તમે અલૌકિક સત્તા ભોગવી સકશો." સારાં કામ કરવાની અને સારા થવાની ઇચ્છા જ્યારે એકવાર હૃદયમાં દૃઢ થાય છે, ત્યારે સઘળી અડચણો દૂર થાય છે, અને અનુપમ સુખ અનુભવાય છે.

જો તમે ગુલામગીરીને તમારા ખરા જીગરથી ધિક્કારતા હો તો શા સારૂ તમે તમારા આત્માને ઇન્દ્રિયો અને મનોવિકારોનો ગુલામ બનવા દો છો? અજ્ઞાન, વ્હેમ અને સર્વ જાતનાં પાપ એજ ખરી ગુલામગીરી છે. આત્માને ગુલામ બનાવવો એજ ગુલામગીરી છે. ધનવાન્ મનુષ્ય કોઇને ગુલામ બનાવે, તેના બહારના સંજોગો સુખકારક કે દુઃખકારક રચી શકે, પણ જે ગુલામ હૃદયનો પવિત્ર અને નમ્ર છે, તે બ્હારના પ્રતિકૂળ સંયોગોમાં પણ તેના શેઠે કદાપિ નહિ અનુભવેલું સુખ ભોગવી શકે અને મરણ પછી પણ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકે.

જ્યારે એક ગુલામને તેના જુલમી શેઠે કહ્યું કે તારા **આત્માનો** અને તારા **શરીરનો** બન્નેનો હું માલીક છું. ત્યારે તે ડાહ્યા અને બહાદૂર ગુલામે જવાબ આપ્યો કે તમે મારા શરીરના શેઠ છો, નહિ કે મારા આત્માના! આવો ગુલામ બ્હારથી ગુલામ દેખાવા છતાં અંતરથી મોટો રાજા છે. પણ ખરી રીતે તેનો શેઠ ગુલામ છે, કારણ કે તે પોતાના હલકા વિકારોને તાબે વર્તે છે. હાલના સમયમાં—જોકે ગુલામગીરી શરીરની ગુલામગીરી બંધ પડી છે, છતાં ગુલામોની સંખ્યા ઓછી નથી. આપણી ચારે બાજુએ

જુદા જુદા માનસિક વિકારો અને જુદી જુદી ઇન્દ્રિયોને તાબે થતા પુરૂષો આપણી નજરે પડે છે. તેઓ ગુલામ નહિ તો બીજા કોણ ? બ્હારથી **સ્વતંત્ર** જણાવા છતાં તેઓ **પરતંત્ર** છે. જેઓ ખરી રીતે **પ્રેમ** અને **સત્ય**ના ઉપાસક છે, જેઓ પોતાના **કર્તવ્ય**માં ટેકીલા છે, તેઓ ખરેખરા સ્વતંત્ર છે. જેઓ નિઃસ્વાર્થ વૃત્તિથી પોતાના કર્તવ્યમાં મચ્યા રહે છે, તેઓની ઉન્નતિને બ્હારના સંજોગો હેરાન કરી શકવા સમર્થ થતા નથી. **જહૉન બ્રાઇટ** નામનો પ્રખ્યાત ઇતિહાસકાર અને એક વખતનો પાર્લામેન્ટનો પ્રધાન પોતાની જાહેર જીંદગીની સમાપ્તિ વખતે ભાષણ કરતાં બોલ્યો હતો કેઃ—

"જ્યારે હું જુવાન મનુષ્ય હતો, જ્યારે હું તદ્દન જુવાન હતો ત્યારે મેં વિચાર કર્યો હતો કે હું જ્યારે મોટી વયનો થાઉં ત્યારે મારી મરજી પ્રમાણે હું ચાલીશ—હું સ્વતંત્ર થઇશ; તેને બદલે હવે મને લાગે છે કે દરેક વર્ષે હું **કર્તવ્ય**નો વધારેને વધારે ગુલામ બનતો જાઉં છું અને તે કર્તવ્યની સેવા બજાવવામાંજ હું સંપૂર્ણ સ્વતંત્રતા અને આનંદ અનુભવું છું !" આપણે પણ આ મહાન પુરૂષના જીવન ઉપરથી બોધ ગ્રહણ કરી, પ્રેમ, કર્તવ્ય, સત્ય અને દયાની ધુંસરી આપણે શિર મુકવી જોઇએ. એ ધુંસરી તે ગુલામગીરી નથી પણ સ્વતંત્રતાની ઉચ્ચ પુષ્પમાળા છે. માટે જો આપણા આત્માને ખરી ગુલામગીરીમાંથી છુટો કરવા ઇચ્છા રાખતા હોઇએ તો આપણા હૃદયની અંદર ઉત્પન્ન થતા દુષ્ટ અને દુર્જય મનોવિકારોની સામે પ્રેમ, કર્તવ્ય, સત્ય અને દયાના વિવિધ આયુધો વડે બહાદુરાઇથી લ્હડવું જોઇએ. જે આ યુદ્ધમાં આ મોટા અંતર કલહમાં વિજય મેળવે છે, તે ત્રણ ભુવનને જીતનાર રાજાતુલ્ય છે. તેજ ખરો સ્વતંત્ર છે. તેનો આત્માજ ખરેખર ગુલામગીરીના બંધનથી મુક્ત છે. તેવી ખરી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો એજ મનુષ્યના જીવનનો ઉદ્દેશ હોવો જોઇએ, અને એવો ઉદ્દેશ વાચકવૃન્દને સમજાય, તેમાંજ આ લેખની સાર્થકતા છે.

---

# આશા (તૃષ્ણા).

સંસારત્યાગી મહાત્માઓ સિવાય આ જગતમાં સર્વે મનુષ્યો આશાના પાસમાં બંધાએલા છે. અખિલ જગતમાં આશા એવી પ્રેરક છે કે તેના પ્રોત્સાહન વિના જગતના સર્વે મનુષ્યો કાર્યક્રમની કોઇપણ શ્રેણીમાં જોડાઇ શકે નહિ. ઇંગ્રેજીમાં એક એવી કહેવત છે કેઃ—" While there is life

there is hope". જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી આશા પણ છે. વ્યવહારના કોઇપણ કામમાં નિરાશ ન થવાનો બોધ કરવામાં આવે છે. વ્યવહારિક દૃષ્ટિએ આશા-ઉત્સાહની જરૂર છે, ગોલ્ડસ્મિથ કવિ કહે છે કે:—

"Hope like the gleaming taper's light,
Adorns and cheers the way;
And still as darker grows the night,
Emits a brighter ray."

"આશા ચળકતા દીપકના પ્રકાશની માફક માર્ગને આનંદી અને શોભાયમાન બનાવે છે; અને જેમ જેમ રાત્રીનો અંધકાર વધતો જાય છે તેમ તેમ તે પ્રકાશિત કિરણો નાંખે છે." આ સ્થળે આશા શબ્દથી ઉદ્ભવતો લાક્ષણિક અર્થ ઉત્સાહ થાય છે. મનુષ્યો ઉત્સાહના અભાવે નાહિમ્મત થઇ કાંઇ કાર્ય કરી શકતા નથી. આ હેતુથીજ ગોલ્ડસ્મિથ નામના કવિએ તેને દીપકની ઉપમા આપી છે, જે વિપત્તિઓમાં પણ તેને ઉત્સાહરૂપી પ્રકાશ વડે આગળ દોરે છે, ગમે તેવા સંકટોમાં પણ મનુષ્ય આશામાં વિશ્વાસ રાખે છે. તે કદી નાહિમ્મત થતો નથી, ગોલ્ડસ્મિથ કવિ કહે છે કે:—

'The wretch condemned with life to part,
Still, still on hope relies;
And every pang that rends the heart,
Bids expectation rise.'

'દેહાંતદંડની શિક્ષા પામેલો મનુષ્ય પણ આશામાં શ્રદ્ધા રાખે છે, અને હૃદયભેદક દરેક સંતાપમાં પણ તેની આશા વધાર્યા જાય છે'. આ પ્રમાણે જોતાં નિરાશા અને નાસીપાસીના દરેક સંયોગોમાં આશા એ હિમ્મતનું અને ધૈર્યનું સાધન છે. તેના અભાવે મનુષ્ય ધીરજ રાખી સંકટ સહન કરી શકતો નથી. ભવિષ્યકાળમાં સુખ મેળવવાની ઇચ્છા તેનાં વર્તમાન કાળના દુઃખોની અસર ઓછી કરે છે, અને તેથીજ તે આશામાં શ્રદ્ધા રાખી વર્તમાન સમયે સહનશીલ રહેતાં શીખે છે. આ પ્રમાણે આશા-ઉત્સાહ મનુષ્યને ધીરજ અને હિમ્મત પૂરાં પાડે છે. જો આપણે આશાને વાચિક અર્થમાં વિચારીએ તો ઇચ્છા વા સ્પૃહાને મળતા અર્થનો તેનાથી બોધ થાય છે. ઇચ્છા એક પ્રકારની મનોવૃત્તિથી પ્રેરાય છે, એ મનોવૃત્તિ બુદ્ધિ-વિવેકબળના પ્રમાણમાં ઇચ્છાપર અંકુશ ધરાવે છે, અને તેને શ્રેયસી-આત્મિક કલ્યાણના અગર પ્રેયસી-સ્થૂલ વ્યવહારના માર્ગપર દોરે છે. વિવેકી મનુષ્યોની ઇચ્છા વિવેકરૂપી

અંકુશ નીચે રહે છે અને તેની દરેક ક્રિયા તેને અનુસરીને થાય છે. પરંતુ અવિવેકી મનુષ્યની ઇચ્છા વા ક્રિયાશક્તિ વિવેકરૂપ અંકુશ નીચે ન રહેવાથી સ્વતંત્ર થઇ નિર્બળ બને છે; એટલુંજ નહિ પણ અયોગ્ય રીતે ખીલવાથી ભયંકર થઇ પડે છે. આશા આ ઇચ્છાશક્તિના પરિણામરૂપ છે. તે સુખ કે દુઃખની લાગણીને અનુસરીને ઉદ્દભવે છે. જો સુખ કે દુઃખ આ દુનિઆમાં વસ્તુતઃ હોતજ નહિ તો કોઇપણ પ્રકારની ઇચ્છા મનુષ્યને થાત નહિ.

સુખ દુઃખનો બોધ ( સમજણ ) મનુષ્યને તેની બુદ્ધિ–વિવેકના પ્રમાણમાં થાય છે. સર્વે મનુષ્યોનું સુખ કાંઇ એકની એક બાબતમાં સમાયેલું હોતું નથી. અમુક મનુષ્ય જ્યારે અમુક બાબતમાં સુખ માને છે ત્યારે અમુક અમુક, બાબતમાં સુખ માને છે. કોઇ ઐહિક તો કોઇ આમુષ્મિક સુખ મેળવવાને અને કોઈ મોક્ષ સુધીનાં સુખો મેળવવાને આતુર હોય છે. પરંતુ આ સુખની ઇચ્છા વિવેકને અવલંબીને ઉદ્દભવે છે, માટે વિવેક દરેક પ્રકારની આશા વા ઇચ્છાના ઉત્તરોત્તર ક્રમમાં સાધનભૂત છે. વિવેકવિનાની આશા કનિષ્ટ ગણાય છે અને તે વૃદ્ધિ પામતાં વ્યવહારમાં પણ અતિશય હાનિકારક થઇ પડે છે. વિવેક બે પ્રકારનો છે. લૌકિક વિવેક અને લોકોત્તર વિવેક. વ્યવહારમાં લૌકિક વિવેકની જરૂર છે. તેની ખામીના લીધે મનુષ્ય ગાંડી આશા બાંધી ઠગાય છે. ઘણે પ્રસંગે પોતાની સ્થિતિ, સંયોગો, બળ આદિનો વિચાર કર્યા સિવાય મનુષ્ય કેવળ કાલ્પનિક આશા વડેજ અમુક વસ્તુ પ્રાપ્ત થવી ધારે છે, અને તેમાં નિષ્ફળ થતાં તેને સંતાપ થાય છે. આનું કારણ લૌકિક વિવેકની ખામીજ દેખાય છે. જ્યારે લૌકિક વિવેકની આટલી જરૂર છે તો લોકોત્તર વિવેકની જરૂર સ્વતઃ સિદ્ધ થાય છે. એ વિવેક વિના મનુષ્ય સંતોષવૃત્તિ ધારણ કરી શકતો નથી અને શાન્તિનું સુખ અનુભવી શકતો નથી. તેના ચિત્તની ચંચળતા શાન્ત પડતી નથી. તે નિશદિન પ્રવૃત્તિમાં મચ્યો રહે છે તેથી આત્મિક આનંદ અને ચિત્તની સ્થિરતાનો આલ્હાદ અનુભવી શકતો નથી. આથીજ લોકોત્તર વિવેક જે પરલોક અને મોક્ષ પર્યંતના સુખો મેળવવામાં સાધનભૂત છે તેની અતીવ અગત્ય છે.

લૌકિક વિવેક કદાચ રૂઢીપ્રયોગથી વિના પ્રયાસે આવે, પણ લોકોત્તર વિવેક યત્ન વિના આપણને પ્રાપ્ત થતો નથી. પ્રસ્તુત વિવેક વિનાની આશા જ્યારે વૃદ્ધિંગત થાય છે ત્યારે તૃષ્ણા કહેવાય છે. આ તૃષ્ણાવડે હૃદયની શાન્તિ નાશ પામે છે. આશાવાન્ મનુષ્ય નિશદિન ઇપ્સિતાર્થ માટે ચિંતાતુર

રહે છે અને તે ચિંતામાં શાન્તિનું નિરામય સુખ ગુમાવે છે. આશાનો અંત કોઇ દિવસ આવતો નથી. આથીજ કબીર કવિ કહે છે કે:—

'માયા મરે ન મન મરે, મરમર ગયે શરીર;
આશા તૃષ્ણા ના મરી, કહે ગયે દાસ કબીર'.

દુનીઆના સર્વે પદાર્થો નાશ પામે છે તોપણ ચિત્તવૃત્તિનો અવરોધ થતો નથી. કબીર કવિ કહે છે કે '**આશા તૃષ્ણાનો અંત કોઈ દિવસ** આવતો નથી.' શરીરની સર્વ શક્તિઓ ઘટે છે; પણ આશા ઘટવાને બદલે વધે છે. તે એક નદીના પ્રવાહરૂપે છે. જેમ નદીનો પ્રવાહ મૂળમાં નાનો હોય છે પણ આગળ વધતાં તેને અનેક પ્રવાહો મળે છે એટલે મોટો થાય છે, તેમ આશા–ઇચ્છાના વિષયો નિશદિન વધતા જાય છે. મનુષ્યનું શરીર, અવયવ, સામર્થ્ય સર્વ ઘટે છે પણ તેની તૃષ્ણાનો અંત કોઇ દિન આવતો નથી.

**अङ्गं गलितं पलितं मुण्डं**
**दशनविहीनं जातं तुण्डम्**
**वृद्धो याति गृहीत्वा दण्डं**
**तदपि न मुञ्चत्याशा पिण्डम् ॥**

આને મળતા ભાવાર્થમાં શામળભટ્ટ કવિ નીચે પ્રમાણે કહે છે:—

'ગળે અઢારે અંગ, ગળે નાસા ને નેણાં,
પળે મુંડ ને તુંડ, વદાયે વિપરિત વેણાં;
અસ્થિ રૂધીર ને માંસ, સુકાય ચલાય ન ચરણે,
ધાતુ સરવનો ધ્વંસ, કશું સંભળાય ન કરણે;
ઇંદ્રિઓ બધી અડવડે, આહાર નિદ્રા પણ ઘટે;
કવિ શામળ કહે શત ગુણી, તૃષ્ણા વધે નહિ મટે.'

'શરીરના બધા અવયવો નિર્બળ થાય, નાક અને આંખમાંથી પાણી ટપકે, માથું અને ડાચાં મળી જાય. બોલવાનું પણ ભાન ન રહે; હાડકાં લોહી અને શરીરમાંનું માંસ સર્વ સુકાઇ જાય; પગે ચાલવાની શક્તિ પણ રહે નહિ, શરીરમાંની સમ ધાતુ ( હાડ, માંસ, રૂધીર, ત્વચા ) આદિ નાશ પામે અર્થાત્ ઓછી થાય; કાનથી કાંઇ પણ સંભળાય નહિ; શરીરની સર્વે ઇંદ્રિઓ નબળી પડે અને ઉંઘ તથા આહાર પણ ઓછો થાય. પરંતુ શામળ કવિ કહે છે કે 'તૃષ્ણા તો ઉલટી સોગણી વધે પણ ઘટે નહિ.' આશા અનેક વિષયની હોય છે, માયિક વસ્તુઓ જેવી કે ધન, વિભવ, પદવી, કીર્તિ,

આદિ અનેક વિષયોની આશામાં બંધાઇ મનુષ્ય અહંવૃત્તિ વડે સ્વકલ્પિત વસ્તુઓમાં મનુષ્ય સુખ માને છે. તેનાં વિવેકચક્ષુઓ બંધ થઇ જાય છે. આશા કોઇદિન પરિપૂર્ણ થતી નથી. એક ઇપ્સિતાર્થ—ઇચ્છેલો પદાર્થ મળ્યો એટલે અન્યની વાંછા રહે છે. તે મળ્યો એટલે તેમાંથી પ્રાપ્ત થતું સ્વકલ્પિત સુખ તેને અપૂર્ણ લાગે છે; વળી તે અન્યની વાંછા કરે છે. આ પ્રમાણે ઉત્તરોત્તર તેની આશા વૃદ્ધિંગત થાય છે. વિવેકના અભાવે તે તૃષ્ણાની જાળમાંથી છૂટી શકતો નથી. મનુષ્ય પોતાના મનનો અભ્યાસ કરવાનો મહાવરો પાડી વિચાર કરે તો તેને સ્વતઃ માલુમ પડે કે તેણે પોતાના જીવનક્રમમાં કેટલી કેટલીવાર આશાઓ ઉત્પન્ન કરી, કેટલી કેટલીવાર તેમને પૂર્ણ કરવાનો યત્ન કર્યો અને તેમાં કેટલે કેટલે પ્રસંગે તે નિષ્ફળ થયો! આશાની તૃપ્તિ કોઇદિન થવાની નથી. એક આશા પૂર્ણ થયે બીજી, તે પૂર્ણ થયે ત્રીજી; એમ ઉત્તરોત્તર અન્ય વિષયની ઇચ્છાઓ પ્રકટ થશે, પરંતુ આશાનો પાર આવશે નહિ. આથીજ આપણા જૈન મહાત્માઓએ સંસારના સુખને મધુબિન્દુની ઉપમા આપી છે,

" પડયા નાના વિધ ભવકુપમાં સહત દુઃખ,
મગન ભયો હૈ મધુબુંદ લવ લેશમાં.
આતપત્ર છાયો તોહુ મન દુત ભયો અબ,
• ચિદાનંદ સુખ પાયો સાધુ કે સુવેશમેં "

" અનેક મનુષ્યો આ ભવરૂપી કુવામાં પડયા પડયા મધના ટીપા જેટલા કિંચિત સુખમાં આનંદ માનીને નાના પ્રકારનાં દુઃખો સહન કરે છે. છત્રની છાયા મસ્તકે થતી હોવા છતાં પણ મન તો ચિંતાગ્નિમાં બળ્યા કરે છે. ચિદાનંદજી કહે છે કે ( ખરૂં સુખ ક્ષણિક વાસનાની તૃપ્તિમાં નહિ પણ ) સત્પુરૂષો—સાધુ પુરૂષોના સમાગમમાંજ રહેલું છે. " જેમ કોઇ ઉંડા કુવામાં પડેલો મનુષ્ય કુવાઉપરના વૃક્ષના મધપૂડામાંથી ટપકતા મધના ટીંપાની ઇચ્છા કરે તે જેમ નિરર્થક છે તેમ ભયંકર ઉંડા કુવારૂપી આ ક્ષણિક સંસારમાં મધના ટીંપારૂપી માયિક આશાના ક્ષણિક સુખની અપેક્ષા રાખવી અને કાળપ્રવાહનો લેશ પણ વિચાર ન કરવો એ નિરર્થક છે.

" દાર ત્રેહ પામરના નેહજ્યું જી
એ યૌવન રંગરોલ
ધન સંપદ પણ દીસે કારમીજી
જેહવા જલ કલ્લોલ.

જોબન સંધ્યા કે રાગ સમાન જ્યું, મૂઢ કહા પરમાદકું સેવો;
સંપત તો સરિતાકો પૂર જ્યું દાન કરી કરી ફળ યાકો જ્યું લેવો;
આયૂ તો અંજલીકે જલજ્યું નીત, છીજતહે લખ એ સો જ્યું ભેવો
દેહ અપાવન જાન સદા તુમ, કેવલી ભાષિત મારગ સેવો. (ચિદાનંદજી)

હારબિંદુસમાન અગર પામર પુરૂષના સ્નેહસમાન યૌવનની શોભા અને આનંદ ક્ષણભંગુર છે. ધન, વિભવ પણ પાણીના તરંગ જેવો કારમો છે. ચિદાનંદજી મહારાજ કહે છે કે "યાવન સંધ્યા સમયની શોભાસમાન ચંચળ છે, છતાં હે મનુષ્ય ! તું કેમ પ્રમાદ કરે છે. ધન, વિભવ નદીના પુર જેવો ક્ષણિક છે માટે દાન ધર્મ વડે તેનો યથેચ્છ લાભ લે ! હથેલીમાંના પાણીની માફક આયુષ્ય નિરંતર ઘટે છે અને દેહ અપવિત્ર છે એમ તાત્પર્ય સમજી હે મનુષ્ય ! જ્ઞાનીએ કહેલો જે શુદ્ધ માર્ગ તેનું અવલંબન કર !"

શરદ ઋતુના વાદળના જત્થા જેવું અગર સંધ્યા સમયના રંગજેવું જીવન બહુ ચંચળ અને અલ્પ છે. તેમાં કાલનો પણ નિશ્ચય કોઇથી કરી શકાતો નથી. "ન જાણે જાનકીનાથ, પ્રાતઃકાળે કિં ભવિષ્યતિ" એ ઉક્તિ અનુસાર આપણે જોઇએ છીએ કે સર્વજ્ઞ સિવાય કોઇપણ ભવિષ્ય જાણી શકતું નથી. આ પ્રમાણે જ્યારે એક ક્ષણ માત્રનો પણ નિશ્ચય કોઇપણ માણસ કરી શકતો નથી છતાં પણ ઘણા મનુષ્યો વર્ષોનાં વર્ષો સુધી પોતાના ઇપ્સિત ઇચ્છેલા વિષયમાં દૃઢ રહ્યાં કરે છે. તેઓ આશા છોડી દેતા નથી. તેમના -ઇપ્સિતાર્થને સંયોગોની અનુકૂળતા હોય એમ ધારે છે; અથવા ભવિષ્યમાં સંયોગોના પરિક્રમણ-ફેરફાર સાથે અનુકૂળતા મળવાની કલ્પના કરે છે. આ પ્રમાણે સંયોગો કે પરિસ્થિતિનો ફેરફાર કલ્પી આશામાં શ્રદ્ધા રાખે છે અને તેઓ આશાના પ્રવાહમાં અબાધિત તણાયાં કરે છે; પરંતુ તેમની આશા સફળ થવાનો પ્રસંગ તેમને પ્રાપ્ત થતો નથી. આખરે કોઈ નવિન પદાર્થ પ્રાપ્ત થવાની તેઓ આશા રાખે છે, પરંતુ તેમાં પણ નિષ્ફળ થતાં કાંઇ જુદાજ વિષયની વાંછા રાખે છે. આમ ઉત્તરોત્તર તેમની ઇચ્છામાં વધારો કર્યાજ કરે છે. કદાચ એવો પ્રસંગ પણ આવે કે મનુષ્ય તેની કોઇપણ ઇચ્છામાં સફળ ન થાય; પરંતુ તેની ભવિષ્યકાળ ઉપરની શ્રદ્ધા તો અડગ રહેવાની. આશાની ઘટમાળ તો ચાલુ રહ્યાંજ કરવાની. એક ઇપ્સિતાર્થમાં ફલિત ન થાય તો તે અન્ય કાંઇ તેથી જુદા પ્રકારનો હેતુ સિદ્ધ થવા ધારવાનો ! જ્રાન્સન નામે કવિ કહે છે તેમ તૃષ્ણાને અધીન રહેલો મનુષ્ય સદા ભવિષ્યકાળઉપર શ્રદ્ધા રાખીને આશાને પરવશ બને છે,

" When I consider life, 'tis all a cheat,
Yet, fooled with hope, men favour the deceit;
Trust on, & think to morrow will repay,
To morrow's falser than the former day;
Lies worse; and while it says " We shall be blest,
With some new joys," cuts off what we possesst.
Strange cozenage! none would live past years again,
Yet all hope pleasure in what yet remain;
And from the dregs of life think to receive,
What the first sprightly running could not give."

**Dryden.**

જ્યારે હું જીવનનો વિચાર કરૂં છું ત્યારે તે મને તદ્દન પ્રપંચ રૂપ ભાસે છે; છતાં મનુષ્યો આશા તૃષ્ણામાં મૂર્ખ બની તેના પ્રપંચને ભોગ થાય છે; તેમાં શ્રદ્ધા રાખે છે અને અમુક સમયે તે આશા ફલિત થશે એમ ધારે છે. તે સમયે નિષ્ફળ થતાં વળી ભવિષ્યમાં અમુક સમયે ફલિત થશે એમ ધારે છે અને તેમાં પણ નિષ્ફળ થતાં કાંઈ જુદોજ નવીન આનંદ પ્રાપ્ત થવાનું તે ધારે છે, અને તેમાં પણ જે હોય તે ગુમાવે છે. રે આશા! તારૂં કપટ કેવું વિચિત્ર છે! કોઈ પણ મનુષ્ય ગયેલાં વર્ષોને પુનઃ ભોગવી શકતો નથી; છતાં સર્વે મનુષ્યો જે શેષ સમય બાકી રહે તેમાં સુખ પ્રાપ્ત થવાની આશા રાખે છે, અને જીવનની શરૂઆતનો ચંચળ કાળ પ્રવાહ જે તેને આપી શક્યો નહિ તે જીવનના અવશેષ—બાકીનાં વર્ષોમાંથી મેળવવાને તે ચાહે છે"

તાત્પર્ય કે અહંવૃત્તિથી આશા તૃષ્ણામાં તણાતાં પહેલાં વિચાર કરવાની જરૂર છે કે જીવનનો સંધિ કેવો અલ્પ છે? જે અહંવૃત્તિથી મનુષ્ય ઐહિક પદાર્થની સ્પૃહા રાખે છે. તે અહંવૃત્તિને તેના આત્મા સાથે કેવો અને કેટલો સંબંધ છે. મહાત્મા બુદ્ધિસાગરજી કહે છે કે " દુનીઆમાં કોઈનામ અમર રહેવાનું નથી. નહિ નામરૂપ જેનાં જ્યોતિરૂપ તે તો સહી. નામથી આત્મા ભિન્ન છે તો નામ અમર રહેવાથી પણ આત્માને કિંચિત સુખ નથી"

તૃષ્ણાથી લોભ વધે છે. આ જગતમાં લોભનો થોભ હોતો નથી. લોભની લાલચમાં પડેલા પ્રાણીઓ અનેક કુકર્મો કરે છે. લોભાંધ મનુષ્યો

કાર્ય અકાર્ય જોઇ શકતા નથી; તેથી લોભને પાપનું મૂળ કહ્યો છે, લોભ નિરંતર વધતો જાય છે.

**निःस्वो वष्टि शतं शती दशशतं लक्षं सहस्राधिपो ॥**
**लक्षेशः क्षितिपालतां क्षितिपतिश्चक्रेशतां वांछति ॥**
**चक्रेशः पुनरिंद्रतां सुरपति र्ब्राह्मपदं वांछति**
**ब्रह्मा शैवपदं शिवो हरिपदमाशावधिं को गतः ॥**

# સદ્ગુણ દૃષ્ટિની ખીલવણી.

લેખક—**મુનિ બુદ્ધિસાગર.**

સદ્ગુણદષ્ટિ જેમ જેમ ખીલે છે તેમ તેમ દોષદષ્ટિનો પરિહાર થતો જાય છે. સદ્ગુણ દષ્ટિની ટેવ પાડવાથી પ્રત્યેક આત્માઓની ધોળીબાજુ દેખાય છે. પરમાં પરમાણુ સમાનપણ જો સદ્ગુણ હોય છે તો સદ્ગુણદષ્ટિ ધારકના મનમાં પર્વતસમાન ભાસે છે, પશુ પંખીમાં પણ કેટલાક સદ્ગુણો દેખવામાં આવે છે, ત્યારે મનુષ્યજન્મમાં કેમ સદ્ગુણો ન હોય! અલબત્ત મનુષ્યોમાં સદ્ગુણો હોય છે કિંતુ મનુષ્યો વિપરીત દષ્ટિથી દેખે છે તેથી ગુણોપણ દુર્ગુણોરૂપ ભાસે છે. અમુક જૂઠો છે, અમુક વિશ્વાસઘાતી છે, અમુક સાધુ ઢોંગી છે, આવી નકામી કુથલી કરવાથી સામા મનુષ્ય જેવા પોતાને કંઇ પણ શુભફલ પ્રાપ્ત થતું નથી. ત્યારે શામાટે મનુષ્યોની કાળી બાજુ તરફ દેખવું જોઇએ. ગમે તે ધર્મના મનુષ્ય હોય ગમે તે દેશનો મનુષ્ય હોય તોપણ તેનામાં રહેલા સદ્ગુણો તરફ દેખવું જોઇએ. તમો અન્યના ગુણોનેજ દેખશો, અને દોષોનો પ્રકાશ ન કરશો તો અન્યપણ તમારા સદ્ગુણો પ્રતિ દષ્ટિ દેશે. જેવો આઘાત તેવો પ્રત્યાઘાત આ નિયમ સકલ વિશ્વમાં વ્યાપી રહેલો અનુભવમાં આવે છે. કોઇનું તમે અશુભ ચિંતવતા હશો ત્યારે સામો મનુષ્ય પણ તમારૂં અશુભ ચિંતવશેજ. તમો કોઇને સદ્ગુણ દષ્ટિથી દેખશો ત્યારે તે પણ દેખશે. સદ્ગુણદષ્ટિથી દેખવાથી બે ફાયદા થાય છે. પ્રથમ દરેકના સદ્ગુણોજ દષ્ટિમાં આવે છે, દ્વિતીયલાભ એ છે કે અન્યની નિંદા થતી નથી અને તેથી વેરઝેરની પરંપરા વૃદ્ધિ પામતી નથી.

જ્યાં સુધી જગતના સર્વ જીવો પરમાત્માસમાન છે. એવી દષ્ટિથી તમો વર્તતા નથી ત્યાં સુધી તમને કોઇ પરમાત્મ દષ્ટિથી દેખવાનું નથી. જ્યાં સુધી તમો અન્ય મનુષ્યોને નીચ ભાવનાથી દેખો છો તાવત્ તમોને

અન્ય મનુષ્યો નીચ દૃષ્ટિથી દેખશે એમાં કંઇ પણ આશ્ચર્ય નથી. તમારામાં રહેલા સદ્ગુણોને સર્વ લોક જાણે એવી તમારા હૃદયમાં ઇચ્છા છે, પણ જ્યાં સુધી તમે અન્યના સદ્ગુણોને ગાતા નથી ત્યાં સુધી તમારા સદ્ગુણોની અસર અન્ય ઉપર થવાની નથી. જ્યાં સુધી તમો સર્વના દૂષણો કાઢી પોતે દોષરહિત બનવા ઇચ્છો છો ત્યાં સુધી જગતના જીવો પણ તમારામાં અનેક દૂષણો કાઢી તમને ખરાબ દૃષ્ટિથી જોવાના. તમને કોઇ નીચ દોષદૃષ્ટિથી જુએ તે માટે અન્યને તમે સદ્ગુણ દૃષ્ટિથી જુઓ. એમ કરવાના કરતાં ઉત્તમ સરલ ઉચ્ચ ધર્મ એ છે કે પ્રત્યેક આત્માને સંગ્રહનયસત્તાથી સિદ્ધ સમાન ભાવો, પ્રત્યેક આત્મામાં જે કંઈ સદ્ગુણો હોય તેનું સ્મરણ કરો, પોતાના આત્માને પણ સદ્ગુણ દૃષ્ટિથી દેખો, જે જે સત્તાએ આત્મામાં ગુણો રહેલા છે તે ગુણોનું સ્વરૂપ વિચારતાં, ગાતાં તમો તે ગુણોને પ્રગટ કરી શકશો. આત્માને જો ઉચ્ચ ભાવથી દેખશો, આત્માને દેવ માનશો, આત્મામાં સર્વ છે એમ શ્રદ્ધાથી સંતોષ ધારશો તો તમો ઉચ્ચ પદને પ્રાપ્ત કરી શકશો. તમારા આત્મામાં જે જે સદ્ગુણો ખીલ્યા હોય તેને વિશેષતઃ ખીલવવા પ્રયત્ન કરો. સ્વઆત્માને સિદ્ધસમાન દૃષ્ટિથી દેખશો તો આત્મામાં અનંત ગુણ ખીલશે. આત્મા પોતાને સદ્ગુણ દૃષ્ટિથી દેખે તો પોતાનું શુદ્ધ સ્વરૂપ પોતાના ઉપયોગમાં રાખી શકે અને તેથી શુદ્ધ સંસ્કારોને પ્રગટાવી શકે અને તેના યોગે અંતે પરમાત્મા બને.

મનુષ્યો એમ સમજે છે કે અમે અન્યના દૂષણો જોઇએ છીએ, વદીએ છીએ તેમ તેમ અમારૂં ગૌરવ વૃદ્ધિ પામે છે પણ આ તેમની ભૂલ છે, કારણ કે અનાદિકાળથી દોષદૃષ્ટિથી દેખવાથી આત્મા ઉચ્ચ થઇ શક્યો નથી. જે જે દુર્ગુણોનું હૃદયમાં ચિંતવન થાય છે, તેનાથી મનોવર્ગણા ખરાબ બને છે માટે અશુભ વિચાર કરવાને જરા માત્ર પણ પ્રયત્ન કરવો યોગ્ય નથી.

જે મનુષ્યો અન્યના દૂષણો સદાકાલ દેખે છે અને તદ્દ્વારા નિંદા કરે છે તેઓનો આત્મા ખરેખર પ્રેમ, દયા, કારુણ્યભાવના વિચારથી હજારો ગાઉ દૂર રહે છે, પોતાનામાં જેમ ક્રોધાદિક દોષો રહેલા છે, તેની નિંદા કોઇ કરે તો આપણા મનની કંઇક લાગણી દુઃખાય છે તે પ્રમાણે અન્યની નિંદા કરતાં અન્યની પણ લાગણી દુઃખાય છે. કેટલાક એમ કહે છે કે અન્યના દોષોને પ્રગટ કરવાથી દુનિયામાં તે હલકો પડે છે જેથી તે દોષોનો ત્યાગ કરે છે. આમ પણ કહેવું ખરેખર જૂઠું છે. ખાડો ખોદે તે પડે એ ન્યાયથી વિચારતાં માલૂમ પડે છે કે અન્યને હલકો પાડતાં પોતાને

હલકાઈપણું પ્રાપ્ત થાય છે—અન્યના દોષો ઉઘાડા પાડતાં પોતાના દોષો પણ સામો ઉઘાડે છે. પરિણામ એ આવે છે કે અંતે એક બીજાને તેઓ શત્રુ બુદ્ધિથી દેખે છે. પરસ્પર એક બીજાને મારી નાખવા વિચારો ચલાવે છે—માટે અન્યમાં અનેક દોષો હોય પણ તેની નિંદા કરવી નહીં—શ્રીવીર પ્રભુ સર્વજ્ઞ હતા. લાખો મનુષ્યોમાં લાખો દોષો રહેલા એક કાળમાં જાણતા હતા પણ કોઇ વખત કોઇને કહ્યું નથી કે ત્હારામાં આવા ખરાબ દુર્ગુણો છે—ઉપદેશ પણ એવી શૈલીથી આપતા હતા કે સર્વ મનુષ્યો પોતાના સદ્ગુણોને ઓળખી શકે.

કોઇપણ ક્ષેત્રમાં કોઈપણ કાળમાં દોષ દૃષ્ટિથી આત્માની ઉન્નતિ થઇ નથી અને થવાની નથી. દોષદૃષ્ટિથી દેખનારા પુરૂષો સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કરી શકતા નથી, આત્માને ખરેખર દોષદૃષ્ટિ શ્રાપસમાન છે. આત્માની નીચદશામાં દોષદૃષ્ટિએ જેટલું ખરાબ કર્યું છે તેટલું કોઇએ ખરાબ કર્યું નથી. આત્માની ઉચ્ચ દશારૂપ વલ્લિનો નાશ કરવામાટે દોષદૃષ્ટિ એ કુહાર સમાન છે.

હે દોષદૃષ્ટિ, તું નીચ છે તોપણ હું ત્હને દયાથી કહું છું કે હવે તું મ્હારા આત્મામાંથી દૂર થા, હે દોષદૃષ્ટિ હું તારા ઉપર ક્રોધ કરતો નથી તેમ રાગ પણ કરતો નથી, ત્હારાથી હું આત્મા ભિન્ન છું. એમ હું દૃઢ સંકલ્પથી સ્વીકારૂં છું, સર્વ જીવોનું હવે હું સદ્ગુણ દૃષ્ટિથી ભલું કરીશ. માનવ બંધુઓમાં અનેક પ્રકારના ગુણો છે પણ તે સદ્ગુણ દૃષ્ટિ વિના અંધારામાં પડયા હતા. હવે તે સર્વ દેખાય છે. મનુષ્યવર્ગ એકદમ કંઈ સર્વગુણી બની શકતો નથી. ધીમે ધીમે સર્વમાં તરતમયોગે ગુણો ખીલે છે. કોઇ વખત લેખક તથા શ્રોતા, વાચકોના આત્માઓ પણ એવી સ્થિતિમાં હશે કે તે જો દુર્ગુણોનું સાક્ષાતરૂપ દેખાય તો શું મનમાં વિચારે ! ! ! ઉત્તમ મહાત્માઓની કૃપાથી અભ્યાસના બળયોગે દુર્ગુણોનો નાશ થતો જાય છે. પરભવમાં જે દોષોનું આસક્તિ સેવન કરવામાં આવ્યું છે, તે દોષો હાલ પણ અન્યના ગુણ ખીલ્યા છતાં જતા નથી. કેટલીક વખત પાછા શાંત થઇને હૃદયને વિકારી બનાવે છે, કેટલીક વખત મનમાં કામ ક્રોધાદિક દુર્ગુણો ઉત્પન્ન થઇને એવું અકૃત્ય કરાવે છે કે પશુના કરતાં પણ નીચકોટીનો આત્મા ગણાય. ક્ષણમાં જ્ઞાન અને વૈરાગ્યની જાગ્રતિ થતાં નદીનું પુર જેમ ઉતરે છે વા વીંછીનું વિષ જેમ ઉતરે છે તેમ કામાદિક વિકારો પણ ઉતરે છે અર્થાત્ નાશ પામે છે. મોટા મોટા ત્યાગી. યોગિયોના મનમાં પણ અનેક

વિષય વિકારોરૂપ દોષો પ્રગટે છે. પણ પુનઃ અભ્યાસના બળથી તે શમે છે, દોષોનાં વેગ કરતાં અભ્યાસબળ અલ્પ હોય તો દોષોનું જોર વધે છે અને ત્યાગી વૈરાગીની પ્રતિષ્ઠાની પણ ધુળધાણી કરી દે છે, આથી લોકોના જાણવામાં આવતાં કહે છે કે, તપસી ગયા લપસી. પણ મનુષ્યો વિચાર કરશો તો માલુમ પડશે કે જો તમે તેના ઠેકાણે હો તો તમે દોષોના વેગમાં કેવીરીતે તણાઓછો તે માલુમ પડી શકે. બંધુઓ વિચારશો તો માલુમ પડશે કે પ્રત્યેક મનુષ્યો આત્માના સહજ આનંદના ભોગ માટે દુર્ગુણોનો નાશ કરવા સંકલ્પ ભૂમિરણમાં ઉભા રહી લડવૈયાની પેઠે ઉભા રહી યુદ્ધ કરે છે. કોઇ વખત જીતે છે કોઇ વખત હારે છે. હારવાથી તે દોષપાત્ર નિંદવાલાયક ઠરતા નથી. પાછળ તેના તે મનુષ્યો દોષોનું જોર ઓછું થતાં કર્મરાજાની સાથે યુદ્ધ કરવાના. કર્મરાજાની સાથે લડતાં જે હારે તેની તો ઉલટી જાપાનીઝ સ્ત્રીઓની પેઠે સારવાર કરવી જોઇએ—તેમને મદદ કરવી જોઇએ. પણ પડ્યા ઉપર પાટુની પેઠે તેમની નિંદા કરવાથી તમો કંઇ પણ ફાયદો પ્રાપ્ત કરી શકશો નહિ.

દાખલા તરીકે—સમજો કે કોઇ મનુષ્યે દારૂ પીવાની પ્રતિજ્ઞા કરી કે હું હવે દારૂપાન નહિ કરૂં—કેટલાક વખત સુધી દારૂપાન તેણે કર્યું નહિ. કોઇ વખત મોહનું જોર વિશેષ થવાથી તેણે દારૂપાન કર્યું. આથી—દારૂપાન કરનારાઓ કહેવા લાગ્યા કે અરે તેં પચ્ચખાણ ભાંગ્યાં માટે તું મોટો પાપી બન્યો. બંધુઓ વિચારો કે—પોતે તો દારૂથી જરા માત્ર હઠ્યા નથી. દારૂપાન ખુબ કરે છે. પેલા પુરૂષે પ્રતિજ્ઞા ભાગી તેથી ઉલટો દારૂ પીનારા જે સર્વ હતા તેથી પણ વધારે ખરાબ થઇ ગયો. દારૂપીનારાઓએ તેને પોતાની જાતિ બહાર કર્યો—

આવી રીતે જ્યાં દોષીનો ઉદ્ધાર કરવા કરતાં તેનું વિશેષતઃ બુરૂ કરવું એવી દોષદૃષ્ટિ હોય છે ત્યાં જગતનું ભલું શીરીતે થઇ શકે—જે આત્મા, પોતે દોષદૃષ્ટિનો ત્યાગ કરે છે અને સદ્ગુણદૃષ્ટિ ધારણ કરે છે તે પોતે તરી શકે છે અને અન્યને પણ તારી શકે છે—સદ્ગુણ દૃષ્ટિથી દેખનાર સ્વ અને પરજીવોની દયા પાળી શકે છે—સર્વથા તે સર્વ પાપનો નાશ કરી શકે છે. સમ્યકત્વને પ્રાપ્ત કરી મોક્ષપદ મેળવી શકે છે. સદ્ગુણ દૃષ્ટિથી દેખનાર સૂર્યની પેઠે જ્યાં ત્યાં પ્રકાશ કરી જગદુદ્ધારક બને છે—જે જે માહાત્માઓ થઇ ગયા, થાય છે અને થશે તે સર્વ સદ્ગુણ દૃષ્ટિધારક સમજવા.

જ્યારે તમારામાં સદ્‌ગુણ દષ્ટિની વૃત્તિ ખીલે ત્યારે તમારે જાણવું કે-હવે હું આત્મ સન્મુખ જઈ શકાશ અને પરમાત્મપદ પ્રાપ્ત કરી શકાશ. કોઈ પણ પુરૂષ વા સ્ત્રીની વાત ચાલતાં અમુકમાં દુર્ગુણ છે એવી વાણી બોલશો નહિ, ફક્ત તમને સદ્‌ગુણ જે જે દેખાય તે કહેશો--સદ્‌ગુણ દષ્ટિને પ્રેમથી ઇચ્છજો. હજારો સંકટ આવતાં છતાં પણ સદ્‌ગુણ દષ્ટિ છોડશો નહિ— તમારી નિંદા સાંભળો વા તમારૂં કોઇ ખરાબ કરે, સંકટમાં આવી પડો તોપણ કોઇના અવગુણ દોષોને પ્રગટ કરશો નહીં. ફક્ત તે સમયે એક પણ ગુણ હોય તે કહેશો-સ્મરશો-પ્રથમ તો તમને ઠીક પડશે નહીં, અરૂચિ થશે, અન્યનું દૂષણ પ્રગટ કરવું-લુચ્ચાના પ્રતિ લુચ્ચા થવું એ ન્યાય ઠીક લાગશે પણ અંતે સદ્‌ગુણ દષ્ટિને આગ્રહપૂર્વક સેવન કરશો તો માલુમ પડશે કે જે કાંઈ આનંદ છે તે ખરેખર સદ્‌ગુણ દષ્ટિમાં છે. આવી સદ્‌ગુણ દષ્ટિ સર્વ મનુષ્યો પ્રાપ્ત કરો.

ૐ शान्तिः ३

# માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ.

( લેખક. શેઠ. મોહનલાલ લલ્લુભાઇ. )

જેમ ભર દરીયાને વિષે રહેલી આગબોટમાં બેસવાને માટે પ્રથમ નાના હોડીઆમાં બેસવાની જરૂર પડે છે તેમ શ્રીજીનેશ્વર ભગવાનપ્રણીત ધર્મને યોગ્ય થવાને માટે પ્રથમ માર્ગાનુસારીરૂપ નાના હોડીઆમાં બેસવાની ખાસ જરૂર છે, તે હોડીઆમાં બેસીને દેશવીરતી અને તે પછી સર્વ વિરતીરૂપી આગબોટમાં બેસવા જઇ શકાય છે. અને સર્વ વિરતીરૂપી આગબોટમાં બેસી સદ્‌ગુરૂરૂપી સારા કેપ્ટનની સહાયથી ધારેલા મોક્ષનગરે ટુંકા વખતમાં પહોંચી જવાયછે. ઉપર પ્રમાણે હોવાથી માર્ગાનુસારીના ગુણ કે જે સમકીત આપી દેશવીરતી તથા સર્વ વિરતી ધર્મને યોગ્ય કરે છે. તેમનું અનુકરણ કરવાની ખાસ આવશ્યતા છે. સદરહુ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ જૈન શાસ્ત્રપ્રણેતાઓએ વર્ણવેલા છે તે નીચે મુજબ અત્રે શાસ્ત્રને અનુસરીને દાખલ કરવામાં આવે છે. માટે સર્વે જૈન ધર્માકાંક્ષી પુરૂષોને વિનંતી કરવામાં આવે છે કે આ નીચે વર્ણવેલા ગુણોનું શ્રવણ તથા મનન સમ્યક પ્રકારે કરી તેમના આલંબનવડે સમકીત ઉપાર્જન કરી મોક્ષનગરે પહોંચવાને માટે પ્રયત્નવંત થવું એ ડહાપણ ભરેલું છે.

માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ પૈકી પહેલો ગુણ એ **ન્યાયસંપન્ન વિભવ.** ન્યાય સંપન્ન વિભવ છે. હવે ન્યાય સંપન્ન વિભવ કોને કહીએ તેનું સ્પષ્ટીકરણ કરવા માટે નીચે પ્રમાણે લખવામા આવે છે.

સર્વ પ્રકારના વ્યાપારમાં ન્યાયપૂર્વક વર્તવું. અન્યાયથી ચાલવું નહીં. નોકરી કરનાં ધણીના સોંપેલા કાર્યમાંથી પૈસા ખાઇ જવા નહીં. રૂશ્વત લેવી નહીં. કોઇને છેતરવાને પ્રયત્ન કરવો નહીં, વ્યાજ વટાંતર કરનારે વ્યાજના પૈસા વધારે લેવા નહીં. માલ સેળભેળ કરીને વેચવો નહીં. સરકારી નોકરી કરનાર મનુષ્યે પોતાના ઉપરીને રાજીકરવાના હેતુથી લોકો ઉપર જુલમ ગુજારવો નહીં. મજુરીઆ કારીગરનો ધંધો કરનારાઓએ રોજ લેઇ કામ બરાબર કરવું. ખોટું ઢીલ કરવું નહીં. નાત અથવા મહાજનમાં શેઠાઇ કરનારે પોતાથી વિરૂદ્ધ મનવાળાને દ્વેષબુદ્ધિથી ગુનેહગાર ઠરાવવો નહીં. કોઇ માણસે આપણું બગાડયું હોય તો દ્વેષથી તેના ઉપર ખોટો આરોપ મુકવો નહી. અથવા તેને નુકશાન કરવું નહીં. કોઇને ખોટું કલંક દેવું નહિ. ધર્મને બાહાને પૈસા લેવા સારૂ ધર્મમાં જે વાત ન હોય તે વાત સમજાવવી નહીં. ધર્મ નીમીત્તે પૈસા કહાવી પોતાના કાર્યમાં વાપરવા નહીં. ધર્મ સંબંધી કાર્યમાં વાપરવા માટે પણ ખોટી સાક્ષી પુરી પૈસા લેવા નહીં. ધર્મના કાર્યમાં કાંઇ ફાયદો થતો હોય તે બદલ મનમાં વિચારવું જે આપણે ધર્મને વાસ્તે જુઠું બોલીએ છીએ. આપણા કામસારૂ બોલતા નથી માટે તેમાં દોષ નથી એમ સમજી તેમાં ઉંધું ચતું કરવું તે પણ અન્યાય છે. આ પંચમ કાળમાં કેટલાક લોકો દેહેરાસર ઉપાશ્રય વિગેરેમાં પારકી જમીન દબાવવા પ્રયત્ન કરે છે અને જ્યારે તેમને ઉત્તમ પુરૂષો તરફથી કહેવામાં આવે છે ત્યારે તેઓ તરફથી એમ કહેવામાં આવે છે કે દેરાસરના કામમાં એમ કરવાને શું હરકત છે. પરંતુ તે લોકોએ સમજવું જોઇએ કે તેમ કરવું તે અન્યાયજ છે. દેહેરાસર અથવા ઉપાશ્રયમાં પ્રભાવના થતી હોય તે એકથી વધારે વાર લેવી તે પણ અન્યાય છે. દેહેરાસર અથવા ઉપાશ્રયના કારભાર કરનારાઓએ તે ખાતાના મકાનો પોતાના ખાનગી કામમાં વાપરવા નહિં અથવા તે ખાતાના માણસો પાસે ખાનગી કામ કરાવવું નહિ. કોઇ માણસ નાત જમાડતો હોય અને તેની સાથે કાંઇ બીગાડ હોય તેથી તેનો વરો બગાડવા કાંઇ લડાઇ ઉભી કરવી તથા પકવાન વિગેરે જોઇએ તેથી વિશેષ લેઇ બગાડ કરવો, સંપ કરી વધારે ખાઇ જવું અને તેને તુટ પડે તેવી યુકતીઓ કરવી, તે પણ અન્યાયજ છે. સ્ત્રી અથવા પુરૂષ કાંઇ સલાહ પુછે તો જાણ્યાં છતાં ખોટી સલાહ આપવી

નહિ. એક બીજાને લડાઈ થાય એવી સમજ આપવી નહિ. સરકાર અથવા મ્યુનીસીપાલીટીની દાણચોરી કરવી નહિ, આ કળીકાળના પ્રભાવથી દાણચોરી વિષે કાંઇ પણ દોષ લોકોના મનમાં આવતો નથી. માટે તે વિષે બે બોલ વિશેષ લખવા ઉચીત છે. દાણચોરી કરવી એ મોહટામાં મોટું પાપ છે. કેટલાક લોકો એમ સમજે છે કે દાણચોરી કરવી તે બાહાદુરીનું કામ છે.

"સીપાઇની નજર ચુકાવી આવવું તે નાની સુની વાત નથી" એવું કેટલાક લોકોનું બોલવું થાય છે. જો કોઇ કાંઇ ચીજ હાંસલ ચોરીને લાવ્યો તો તે પોતાની બહાદુરીના વખાણ બીજા લોકોની પાસે કરે છે. અને કહે છે કે હું કેવો ઠગીને આવ્યો છું પણ તે ભોળો સમજતો નથી કે તેથીતો તે પોતેજ ઠગાયો છે. સામાને તો ફક્ત બે પૈસા અગર ચાર પૈસાનું એકજ વખતનું નુકશાન થયું. પણ તાહરો આત્મા તેથી જન્માંતરમાં દુઃખી થવાનો. ઉપર પ્રમાણે પોતાની બડાઈ હાંકી તે વિષ ગ્રહણ કરે છે એટલુંજ નહી પણ તેને વધારી આસપાસના માણસોને તેના છાંટા ઉડાડી તેમને અનીતિના રસ્તે ચડતાં શીખવી તેમના પાપનો ભાગદાર પોતે થાય છે. આવા માણસો શીરીતે ધર્મને યોગ્ય થઇ શકે. તેમજ સ્ટેંપની ચોરી કરવી નહીં. ખરી પૈદાશ છુપાવી થોડી પૈદાશ ઉપર સરકારને કર આપવો તે પણ અન્યાય છે. ખાતર પાડવું, કુંચી લાગુ પાડવી, તથા લુંટ પાડવી તે પણ અન્યાય છે. કન્યાના પૈસા લેવા નહિ. કન્યાના પૈસા લેઈ પોતાનો વિવાહ કરવો નહીં. આ શિવાય બહુ પ્રકારે અન્યાય થઇ શકે છે તે સર્વનો ત્યાગ કરવાની જરૂર છે. ચાલતો આવેલો અનિંદ્ય વ્યાપાર કરવો તે ન્યાય સંપન્ન વિભવ કહેવાય છે. સાધુજનોને અત્યંત અનાદરપણે કરીને દુગંછા કરવી તે નિંદ્ય વ્યાપાર કહેવાય છે. દાખલા તરીકે મદીરા એકઠી કરી વેચવી તે નિંદ્ય કર્મ છે. આવીજ રીતે આર્યભુમીના જનોએ કદી પણ નહી સ્વીકારેલો અને ઉત્તમ પુરૂષોને અત્યંત નિંદ્ય એવો મોટા આરંભોના વ્યાપાર કે જેમાં ઘણીજ હીંસા રહેલી છે તે વ્યાપાર પણ નિંદ્ય કહેવાઇ શકે. આ હુંડાવસરપીણીના પંચમ કાળમાં આવા નિંદ્ય વ્યાપારો ઘણા થાય છે તે મોક્ષાર્થી જીવોને ત્યાગવા યોગ્ય છે. કેટલાક વ્યાપારીઓ કે જેઓ અનાજનો, મોદીખાનાનો તેમજ કાપડ વીગેરેનો ધંધો કરે છે, તેઓ તોલમાં તથા માપમાં અધીક ઓછું કરે છે. તેમજ વળી માલમાં પણ ભેળસેળ કરી પોતાના સ્વામી ભાઇઓને તેમજ બીજાઓને કપટ કરી છેતરતા આ હુંડાવસરપીણી કાળમાં જોવામાં આવે છે. આ કરવું તેમને યોગ્ય નથી. આથી કરી તેવા માણસો ધર્મને યોગ્ય

થઇ શકતા નથી એટલું જ નહિ પણ ઘણા કર્મબંધનથી પોતાના આત્માને વધારે ને વધારે ભારે કરતા જાય છે. હવે કોઈ આશંકા કરે કે ગૃહસ્થે ન્યાયથી ધન ઉપાર્જન કરવું તે ધર્મ છે એમ શા કારણથી કહો છો. તેનો ઉત્તર જે ન્યાયથી ઉપાર્જન કરેલું ધન આ લોક અને પરલોકમાં હીતકારી થાય છે. બે રીતે હીતકારી થાય છે તેનું કારણ એ છે કે તે દ્રવ્ય શંકારહીત હોવાથી તેનો ઉપભોગ શંકારહીતપણે થાય છે. ને વળી તે દ્રવ્યથી વીધીએ કરી તીર્થ ગમન થાય છે. જો કોઇ પુરૂષ અન્યાયથી ધન ઉપાર્જન કરે તો તે નીચે પ્રકારે આશંકા કરવા યોગ્ય થાય છે. એકતો ધનનો ભોગવનાર પુરૂષ અને બીજું ભોગવવા યોગ્ય જે પદાર્થ, તે બેના ઉપર લોકને આશંકા આવે છે. તેમાં ભોગવનાર પુરૂષ ઉપર તો આ પ્રકારની આશંકા આવે છે કે પારકા દ્રવ્યનો દ્રોહ કરનારા એટલે પારકું દ્રવ્ય ચોરી લેનારા આ પુરૂષે કોઇનો દ્રોહ કરીને આ દ્રવ્ય આણ્યું છે માટે આ પુરૂષ દ્રોહકારી છે. વળી ભોગવવા યોગ્ય પદાર્થ તેને જોઇ લોકોના મનમાં એમ આવે છે કે અહો આ પુ-રૂષ આ પ્રકારે પારકું ધન ભોગવે છે. આ હેતુ માટે ઉપર પ્રમાણેની શંકાના પ્રતિષેધ વડે કરીને એટલે અનાશંક વડે કરીને ભોગવનાર પુરૂષે પરિભોગ કરવાથી ભોગવવાપણું છે. વળી ન્યાયે કરીને ઉપાર્જન કરેલા વૈભવને ભોગ-વતો પુરૂષ કોઇપણ વખતે આશંકાનું સ્થાન થતો નથી. વળી આથી સારી પરણતીવાળા પુરૂષોને આ લોકને વિષે પણ એ મોટો સુખનો લાભ મળે છે, તેમ પર લોકને વિષે પણ હીત થાય છે. કારણ કે ન્યાયથી ઉપાર્જન કરેલું ધન તીર્થને વિષે વપરાવાથી પર લોકને વિષે પણ હીત થાય છે, વળી અન્ય શાસ્ત્રમાં પણ કહ્યું છે કે ધર્મી પુરૂષોનું ધન તેજ દાનનું સ્થાન છે. વળી અન્યા યથી ઉપાર્જન કરેલું દ્રવ્ય આ લોક પર લોકને વિષે અહીતકારી છે કારણ કે અન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય હાડકાના મહેલ જેવું છે. જેવી રીતે હાડકાંનો મહેલ શીઘ્ર નાશ પામ્યાવિના રહે તો નથી તેવીજ રીતે અન્યાયથી ઉપાર્જન ક-રેલું દ્રવ્ય પણ થોડા વખતમાં નાશ પામ્યાવિના રહેતું નથી. કદાપી બળવાન પા-પાનુબંધના પ્રબળ ઉદયથી તે વિભવ જીવતા સુધી રહેતો પણ મત્સ્યાદિકની પેઠે પરિણામે દુખદાયી છે. એટલે કે માંસ આદિકની ગોળી માછી મારો લોઢાના કાંટામાં ઘાલી જળમાં મુકે છે અને તે ખાવા જવાથી માંછલાઓ-ના પ્રાણનો નાશ થાય છે. તથા સુંદરગીત સાંભળનાર મૃગનો નાશ થાય છે તથા સારો દીવો દેખી પડતું નાંખતાં પતંગીઆનો નાશ થાય છે. શાથી કે રસનાદિક ઇન્દ્રીઓના લોલુપીપણાનો વધારો કરાવનાર એવા તે વીષય છે.

તેને વિષે પરિણામે જેમ દારૂણપણું રહ્યું છે તેમ અન્યાયથી ઉત્પન્ન કરેલું ધન પણ વિપાકે દારૂણ છે. એટલે કે દુર્ગતિને આપનાર છે. માટે આત્માર્થી પુરૂષોએ અન્યાયથી ધન ઉપાર્જન કરવાનો ઉદ્યમજ ન કરવો. અહીં કોઇ એવી આશંકા કરે કે જો અન્યાયે કરીને ધન ઉપાર્જન ન કરીએ તો ગૃહસ્થને ધનની પ્રાપ્તિ શીરીતે થાય અને જો પ્રાપ્તિ ન થાય તો નીર્વાહ ચાલી શકે નહી—જેથી કરી ધર્મના હેતુ ભૂત એવી ચીત્તની સમાધિનો લાભ ક્યાંથી થઇ શકે તેનો ઉત્તર એછે કે વૈભવના લાભનો અત્યંત રહસ્યભુત ઉપાય ન્યાયજ છે, પણ અન્યાય નથી. લક્ષ્મી ઉપાર્જન કરવામાં તેમજ તેને વાપરવામાં સંયમ રાખવો. અસંયમ એટલે અન્યાયથી લક્ષ્મીનું ઉપાર્જન કરવું, અને અન્યાયમાં વાપરવું. હાલમાં કેટલાક લોકો અન્યાયથી પુષ્કળ લક્ષ્મી ઉપાર્જન કરીને તેને અન્યાયના માર્ગમાં વાપરી પોતે ધર્મ કરે છે એવું મનાવતા દેખવામાં આવે છે. યાદ રાખવું કે અન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી પાપ માર્ગે વાપરવાથી તેમ કરનારો પુરૂષ એવડો પાપનો ભાગી થાય છે. શાસ્ત્રમાં જેને હિંસા પ્રધાન અગર પંદર કર્માદાન કહી ઓળાવવામાં આવેલા છે તેવા કામો કરવાથી નીશ્ચય પાપ બંધાય છે. હાલ પંચમકાળમાં તેવા કામથી નીવર્ત પામવું તો દુર રહ્યું પરંતુ તેથી ઉલટું.એવું થાય છે કે ધર્મ માની તેવા કામમાં લોકોને જોડી તેમને પાપ માર્ગમાં પ્રવર્તાવી તેમાં પોતે ધાર્મીક પરોપકાર કર્યો એમ માને છે. આથી કરી શુભ કર્મનો બંધ થતો નથી પણ અશુભ કર્મનો બંધ થાય છે–વળી ઘણો પરિગ્રહનો રાખનાર અને ઘણો આરંભનો કરનાર નીશ્ચે નર્ક ગતીનો ભાજન થાય છે. તાત્પર્ય એ છે જે હીંસાથી પૈસો પેદા કરી હીંસાને ઉત્તેજન આપી ધર્મ માનવો તે એક મોટો અનર્થ છે હવે ન્યાયથી ધન ઉપર્જન કરવાથી શાશા લાભ થાય છે તે કહીએ છીએ. એક તો ન્યાયવંત પુરૂષને સર્વ સંપત્તિઓ મળે છે જેમ સમુદ્ર જળની યાચના કરતો નથી તોપણ તે જળવડે નથી પુરાતો એમ નથી. આત્મા પાત્ર પણાને પામે છે તેને વિષે સર્વ સંપતીઓ આવી મળે છે. એટલે કે જો આત્મા શાંતિ પામવાનું પાત્ર થશે તો સંપત્તિઓ એની મેળે આવી મળશે. અહીં કોઈ એમ આશંકા કરે કે ન્યાય એ સર્વ સંપત્તિઓને ઉપાર્જન કરવાનો ખરો ઉપાય શાથી કહો છો, તેનો ઉતર એ છે કે ન્યાયથી ધનની પ્રાપ્તીના અંતરાય ભુત કર્મનો નાશ નીયમાએ થાય છે.

( અપૂર્ણ. )

# જાતિ સ્મરણ.

## જ્ઞાનના ઉપાયો.

બાહ્યશક્તિ ક્યાં રહે છે? જ્યારે આપણે પાછલા જન્મની સ્મૃતિ લાવવી હોય ત્યારે બધા વિચારો બંધ કરી માત્ર તેજ વિચાર મનમાં રાખવો જોઇએ, જેમ મેજીક લેન્ટર્ન જોતી વખતે બધા દીવા બંધ કરી પડદાની પાછલ એકજ દીવો રાખીએ છીએ, ત્યારે તે દેખાય છે, તેમ આપણા ગત જન્મનું ચિત્ર માત્ર એકજ વિચાર રાખવાથી આપણી સમક્ષ આવે છે. પૂર્વ તરફના દેશના ધર્મશાસ્ત્રોએ આત્માને પરિપૂર્ણ માનેલો છે અને તેમાં અનંત શક્તિઓ રહેલી માનેલી છે, તેથી તેઓ અધ્યાત્મ વિદ્યાનાજ માત્ર અભિલાષીઓને ઉપદેશે છે અને તેવા અધ્યાત્મીઓ જગતના વિષયની અભિલાષા રાખતા નથી, અને તેથી તેમને અધ્યાત્મ વિદ્યા પ્રાપ્ત થાય છે, અધ્યાત્મ વિદ્યાના અભિલાષીઓને બહારથી સામર્થ્ય મળતું નથી પણ બધું પોતાની અંદર હોય છે તે પ્રગટ થાય છે.

## પૂર્વજન્મની સ્મૃતિ કરનારે શું કરવું?

પ્રથમ વિચાર કરો કે મને મ્હારા પેહેલા થઈ ગયેલા ઘણાં જન્મોનું સ્મરણ થાઓ, આ જન્મ પહેલાના એક જન્મનું, બે જન્મનું, દશ જન્મનું, વીશ જન્મનું, સો જન્મનું, હજાર જન્મનું અને લાખ જન્મનું વળી કાળચક્રનું, ઘણા કાળચક્રનું જ્ઞાન થાઓ, એમ વિચારવું, તેમાં હું દરેક જન્મમાં કઇ જગ્યાએ રહ્યો હતો? મારૂં શું નામ હતું? હું કોના કુટુમ્બમાં જન્મ્યો હતો? મારી પાસે શું રૂદ્ધિ હતી? શા સુખ દુઃખ હતા? તથા તે જન્મમાં મારી ઉમર કેટલી હતી? તેનો શાન્ત ચિત્તે વિચાર કરવો અને જ્યારે આ પ્રમાણે શાન્ત ચિત્તે મનન થશે ત્યારે પોતાની મેળે ઉપરના પ્રશ્નોના ઉત્તર ધ્યાનમાં આવશે અને જ્યાં સુધી તે ધ્યાનમાં ન આવે ત્યાં સુધી રોજને રોજ આવું મનન કર્યા જવું. વળી આટલી વાત યાદ રાખવી કે પૂર્વ જન્મની સ્મૃતિ, સ્વધર્મના સિદ્ધાંત પ્રમાણે અનુવર્તન કરનાર તથા પોતાની મનોવૃત્તિઓને સ્થિર અને શાંત રાખીશકનાર વળી ખંતથી સમાધિ વારંવાર કરનાર આત્માનું ભવના આનંદે ચડનાર અને એકાન્તમાં નીવાસ કરનારને દૃઢ અભ્યાસથી ઉપર પ્રમાણે પ્રશ્નો પોતાને પોતાની મેળે પુછવાથી તેના સંતોષકારક ઉત્તરો મળે છે. પૂર્વ જન્મમાં હું કોણ હતો અને હમણા હું કોણછું એ પ્રશ્નજ પોતાની મેળેજ ખુલાશો કરે છે કે જે હું

હમણા છું તેજ હું પૂર્વે આ જન્મના પહેલાં પણ હતો, અને તેથી આ દેહથી ભિન્ન આત્માની પ્રતીતિ થશે અને તેથી વિષયો વગેરેથી અને દેહ પરથી મમત્વ ઘટશે અને તેમ થતાં રાગદ્વેષ ઓછા થશે અને તેવી રીતે પરંપરાએ વૈરાગ્ય પ્રાપ્ત થઇ યમનિયમોનું પાલન થતા સમાધિ પર્યન્ત પહોંચાશે અને તેમ થતાં પુર્વ જન્મનું જ્ઞાન સહજ થશે. ગમે તે માણસ આવું મનન કરવાને લાયક નથી. જે ભગવાનનું, ધર્મનું, અને સંઘનું શરણ લઇ સંસાર તરવાની ઇચ્છા રાખનાર હોય, તેનેજ આ શીક્ષા ઉપયોગની છે. આમાં વિષય સુખને જળાંજલિ આપવી જોઇએ અને તેમ ન થાયતો પૂર્વ જન્મનું તો શું પણ વિષય વિકારી વૃત્તિવાળાને આ જન્મનું પણ યથાર્થ જ્ઞાન થશે નહિં. આવી રીતે વિચાર કરનારે આ જન્મના બનાવો સ્વપ્નવત્ જાણવા જોઇએ, અને જેમ સ્વપ્નાનો પદાર્થ દેખાય નહિ અને અલ્પ સમય અનુભવાઇને નાશ પામે છે તેમ પોતાની આ જન્મની જીંદગીના બનાવોને ગણવા અને જેમ મેજીક લેન્ટર્નમાં બીજા બધા દીવા ઓલવી એકજ દીવો રાખી જોવાથી વસ્તુઓ પોતાની મેળે હાલતી ચાલતી કામ કરતી દેખાય છે તેમ બીજી વૃત્તિઓને બંધ કરી પૂર્વ જન્મનીજ સ્મૃતિની વૃત્તિને કાયમ રાખી ધ્યાન કરનારને પોતાના પૂર્વ જન્મની સ્મૃતિ થાય છે, પૂર્વ જન્મમાં કઇ જગ્યાએ પોતે હતો તથા પોતાનું નામ શું હતું તે સૌથી પહેલાં જણાશે માટે શરૂઆતના અભ્યાસીએ પ્રથમ તેનું વિશેષ મનન કરવું, અને ત્યારે પછી ધ્યાનમાં બીજી વખતના કેટલાક ખંડો–ભાગો જણાતા જશે અને એ પ્રમાણે ક્રમે ક્રમે વિશેષ જણાશે, પણ આ પ્રયોગ કરતી વખતે પ્રયોગ કરનારે સખત રીતે ધર્માજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ અને જો તેમ કરશે તો આટલુંજ જ્ઞાન થશે એમ નહિ પણ તે સમાધિ દશામાં વારંવાર પ્રવેશ કરે તો તેને જણાઇ આવશે કે જીવ અથવા આત્માનું ખરેખરૂ નિવાસસ્થાન કારમણ શરીરમાં છે અને કારમણ શરીરમાં થતા ફેરફાર મુજબ તે વારંવાર જન્મ ધારણ કરે છે. જેને પુર્વ જન્મની સ્મૃતિ થાય એવા છ પ્રકાર મનુષ્યોના થઇ શકે અન્ય લિંગના સાધુઓ, સામાન્ય સાધુઓ, મોટા સાધુઓ, આચાર્યો, પ્રત્યેક બુદ્ધ અને બુદ્ધ ( ભગવાન ) તીર્થંકર; હવે પૂર્વ જન્મની સ્મૃતિ લાવનારે પ્રથમ સવારમાં નાસ્તો કર્યાં પછી વિચારવા બેસવું ( આ ઠેકાણે બુદ્ધના સાધુઓનો દાખલો છે તે દરેકે પોતપોતાને લગાડવો ) પ્રથમ ચાર વાર ધ્યાન કરી ચિત્તની સ્વસ્થતા ( સમાધિ કર્યા પછી ચોથી સમાધિમાંથી ઉઠતા પુનર્જન્મની સ્મૃતિ લાવવાનું ધ્યાન કરવું, તે આ પ્રમાણેઃ—

સમાધિમાં બેઠા પહેલાં પોતે શું કર્યું ? જેમ કે પ્રથમ આસન ઉપર બેઠા તે બેઠા પહેલાં આસન પાથર્યું તે આસન પાથર્યા પહેલાં સમાધિ કરવાના સ્થાનમાં પ્રવેશ કર્યો, તેના પહેલાં તેના ભીક્ષા પાત્ર અને વસ્ત્ર કોરે મુકયાં, તેના પહેલા આહાર કર્યો તેની પહેલાં ગામ છોડયુ તેની પહેલા ભીક્ષાને માટે ગૃહસ્થોના ઘરમાં કિંવા ગામમાં ફર્યો તેના પહેલાં ભીક્ષાને માટે ગામમાં પેઠા, તેના પહેલા મઠ કિંવા ઉપાશ્રયમાંથી નીકળ્યો, તેના પહેલા બોધિ ઝાડ નીચે ભગવાનની ભક્તિ કરી તેના પહેલાં પાત્ર સાફ કર્યું; તેના પહેલાં પ્રભાતે શું કર્યું તે વિચારવું, તથા પાછલી રાત્રે શું કર્યું ! મધ્ય રાત્રે શું કર્યું ? અને રાત્રિના પહેલે પહોરે શું કર્યું ! તે વિચારવું. આ પ્રમાણે તેને પહેલે દીવસે એટલે કે જો પાંચમનો વિચાર કર્યો હોય તો ચોથની રાતનો, ચોથના દીવસની પછી ત્રીજની રાતનો, ત્રીજના દીવસનો, બીજની રાતનો અને બીજના દીવસનો એમ પાછળનો વિચાર કરવો. પછી એક માસનો, પછી એક વર્ષનો, અને એમ અનુક્રમે વિચાર કરતાં કરતાં દશ વર્ષનો, વીશ વર્ષનો, અને એમ પાછળ વિચાર કરતાં કરતાં પોતે પ્રથમ ગર્ભમાં આવ્યો ત્યાં સુધીનો વિચાર કરવો. આટલે સુધી વિચાર થયા પછી પોતે ગર્ભમાં ઉત્પન્ન થયો તેના પહેલાં જ્યારે પોતાનું મરણ થયું, ત્યારે પોતાનું શું નામ હતું ? તથા પોતે કયાં હતો ? તે વિચારવું. અને તે યાદ થતાં મરણની પૂર્વે પહેલે દીવસે તથા પૂર્વના બીજે દીવસે પોતે શું કામ કર્યાં ? તે વિચારવા. આમ પાછળનું વિચારતાં એક બે કે ચાર જન્મનું જ્ઞાન થયા બાદ પછી આત્મા નિર્મળ થતાં, વિશેષ જન્મોનું જ્ઞાન થશે. જ્યારે પોતે ગર્ભબિન્દુ રૂપે ગર્ભમાં આવ્યો, ત્યાર પહેલાં પોતાનું શું નામ હતુ ? પોતે કયે સ્થળે હતો ! અને ઉમ્મર કેટલી હતી ! વિગેરેનો વિચાર તુરત ન આવે તો તેથી કદી પણ મનમાં એમ લાવવું નહિ કે મને મારા પાછલા ભવનું જ્ઞાન નહિ થાય, પણ પાછું ચિત્તને સમાધિમાં લાવી સ્વસ્થ કરી ફરીથી તેનો તે વિચાર કરવો; એમ એકવાર બેવાર ચારવાર દશવાર કર્યાંથી જરૂર એ પડદો તુટી જશે અને પાછલી સ્મૃતિ થવા માંડશે આ પ્રમાણે એકવાર આત્મા નિર્મળ થયો કે પછી ઘણી મહેનત પડવાની નહિ, પછી પોતાની મેળે પોતાના ઘણા ભવોનું જ્ઞાન થઇ શકશે. જ્યારે આપણે એક મોટું ઝાડ કાપતા હોઇએ અને આપણી કુવાડી બુઠ્ઠી થઇ જાય કે તેની ધાર વળી જાય તેથી આપણે નાસી પાસ ન થતા લવારને ત્યાં જઇને પોતાની કુવાડીની ધાર દુરસ્ત કરીએ છીએ, અને ધાર દુરસ્ત થયા બાદ જે ઠેકાણેથી ઝાડ કાપવાનું બાકી હોય તે ઠેકાણેથી પાછું તે કાપવાનું કામ શરૂ

કરીએ તો એક એ કે ચાર વાર કુવાડી દુરસ્ત કરાવી ઝાડ કાપવાનું કાયમ રાખતાં જેમ તેવું જાડું થડ હશે તો તે પણ કપાઇ જશે; તેજ પ્રમાણે આ પહેલાના ભવોની સ્થિતિનું સમજવાનું છે. એટલે જેટલે સુધી તમને યાદ આવે તે પાછું ફરીને યાદ કરવાની જરૂર નથી, પણ જેમ કાપેલું ઝાડ જ્યાંથી કાપવાનું બાકી હોય, ત્યાંથી ફરીથી કાપવામાં આવે છે, તેમ જ્યાંથી પાછલી સ્મૃતિ તમને ન આવતી હોય ત્યાં ચિત્તને સ્થીર કરી ફરીથી વિચારવાનું કરવું અને તેમ કરતાં પોતાની મેળે સ્મૃતિ ખુલશે જેમ કુવાડીને સરાણ પર ઘસવાથી કે લવારને ત્યાં ધાર કઢાવવાથી તે દુરસ્ત થાય છે, તેમ ચિત્તને આત્મામાં શાન્ત કરવાથી તેને પાછલી સ્મૃતિ પ્રગટ થાય છે, તેથી આ અભ્યાસ કંટાળીને છોડી ન દેતા આગળ ચલાવવામાં આવતાં પોતાના ઇચ્છિત ફળની પ્રાપ્તિ થશે, આ પ્રમાણે રોજના વિચારો ન કરતાં તુરતજ ગયા જન્મનો વિચાર કરીએ તો તે શામાટે નજરે ન પડે તે શા માટે ન સમજાય એમ જો વિચારો તો તે બરાબર નથી, તેનું કારણ નીચે પ્રમાણે છેઃ—

આપણા બધા વિચારો શૃંખલા બદ્ધ ( connected ) છે, જેમ સાંકળની એક કડી પુરીથતાં લાગલીજ બીજી જણાય છે તેમજ વિચારોની સાંકળની એક કડી પુરી થતાં તેના પહેલાની કડી જણાશે. તેથી જ્યારે આપુર્વ જન્મનો વિચાર કરવો શરૂ કરો ત્યારે વિચાર કરવા બેઠા તે વખતથી પાછલના કામનો સંબંધ જોડવો, એમ સંબંધથી વિચાર કરતા અનુક્રમે આ જીંદગીના બધા વૃતાન્તો યાદ આવશે. જ્યારે એક વિચાર કરતા તેની પાછલનો વિચાર ન સુઝે ત્યારે તમોને જે વિચાર સુજેલો છે, તેના ઉપરજ મનન કરો, વર્તમાન વિચારનું મનન ચાલતા મનની મધ્ય બિંદુમાં જ્યારે તે વિચર આવશે, ત્યારે તેના પહેલાનો વિચાર તમને પોતાની મેળે જણાશે અને વર્તમાન વિચાર ચાલ્યો જશે. આરીતે અનુક્રમથી પૂર્વજન્મ સુઝસે

મન બે પ્રકારના જાણવા, જેમકે અંતરમન અને બાહ્યમન. પ્રથમ બાહ્ય મનમાં ક્રિયા અથવા જ્ઞાન કે કામની છાપ પડે છે, અને તે જ્યારે બીજી ક્રિયામાં પ્રવૃત થાય છે, ત્યારે પહેલાની છાપ અંતર મનમાં પડે છે એટલે કે આ ભવનો કે ગયેલા સેંકડો હજારો ભવના બનાવો આત્મા ભુલી જતો નથી પણ તે તેનું જ્ઞાન તાદસ્ય હોય છે અને મનન કરતાં જ્ઞાનાવર્ણ દૂર થતાં તે બનાવો જેમ વર્તમાનના બનાવો હોય તેમ તેની સ્મૃતિમાં આવે છે, આ બદલ એક દાખલો છે. એક છોકરી કોઇ એક પાદરીને ત્યાં નોકર હતી. આ પાદરી હીબ્રુ અને લેટીનના પુસ્તકો મોટેથી વાંચતો, તે

# श्रीमद् बुद्धिसागरजी ग्रन्थमाळा.

## —દરેક પુસ્તકો હવે તૈયાર છે.—

| | | | | |
|---|---|---|---|---|
| ગ્રન્થાંક ૦ | भजन पद संग्रह भा० १ लो॰ | પ્રષ્ટ ૨૦૮ | કી. | ०-८-० |
| ,, ૧ | અધ્યાત્મ વ્યાખ્યાનમાળા. | ,, ૨૦; | ,, | ०-४-० |
| ,, २ | भजन पद संग्रह भा॰ २ जो॰ | ,, ३४६ | ,, | ०-८-० |
| ,, ३ | ,, ,, भा. ३ जो॰ | ,, २१५ | ,, | ०-८-० |
| ,, ४ | समाधि शतकम्॰ | ,, ३४० | ,, | ०-८-० |
| ,, ५ | अनुभव पच्चिसी॰ | ,, २४८ | ,, | ०-८-० |
| ,, ६ | आत्मप्रदीप. | ,, ३१५ | ,, | ०-८-० |
| ,, ७ | भजनसंग्रह भा॰ ४ थो. | ,, ३०४ | ,, | ०-८-० |
| ,, ८ | परमात्म दर्शन. | ,, ४३२ | ,, | ०-१२-० |
| ,, ९ | परमात्म ज्योति. | ,, ५०० | ,, | ०-१२-० |
| ,, १० | तत्त्वबिंदु. | ,, २३० | ,, | ०-४-० |

આ ગ્રન્થો (૧) મુંબઈ, પાયધુણી. (૨) અમદાવાદ નાગોરીશરાહ. (૩) ભાવનગર, આત્માનંદ સભા, (૪) પાલીતાણા, (૫) પાદરા, (૬) પુના (૭) વડોદરા, (૮) સુરત જૈનલાઇબ્રેરી. એ સ્થલોએ રોકડી કીંમતે મલે છે. મજકુર અગીઆર પુસ્તકોના પૃષ્ઠો ૩૩૦૦ છે. કીંમત કેટલી ઓછી છે તેનો વિચાર કરો, અને ગ્રન્થો કેવા અમૂલ્ય છે તથા તેમાં શું છે તે અંક ૧૧ પૃષ્ટ. ૩૧૯-૨૦ ફરી વાંચો. ભેટની મુદત ખલાશ થઈ છે.

---

## વાંચવા લાયક ઉત્તમ પુસ્તકો.

કીંમત.

જ્ઞાનદીપક .................................................. ૦-

અરો..................................................

ના ભોમીઓ..........................................

કોએ ૭. આનાની ટીકીટ બીડી મંગાવી લે

મળવાનું ઠેકાણું.

બુદ્ધિપ્રભા ઓફીસ—અ

---

સુંદરછાપ
ઉંચાકાગળ
મનહરપુંઠું
ઉત્તમલખાણ.

આ સર્વયુક્ત:—

# ગુરૂદર્શન

— ની બીજી આવૃતિ બ્હાર પડી ચૂકી છે.

સ્ત્રી તેમજ પુરૂષ, બાળ તેમજ વૃદ્ધ દરેકને ઉપયોગી બોધ આપનારૂં ઉત્તમ નૈતિક પુસ્તક ગાયકવાડ સરકારના કેળવણી ખાતા તરફથી ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર થયું છે. કીંમત ૦-૬-૬. પોસ્ટેજ સાથે.

**બુદ્ધિપ્રભાના ગ્રાહકોને ૦-૪-૬ પોસ્ટેજ સાથે.**

**પુસ્તક મળવાનું ઠેકાણું—બુદ્ધિપ્રભા ઓફીસ—અમદાવાદ.**

---

## શ્રીમ હેમચંદ્રાચાર્ય વિરચિત

## યોગશાસ્ત્ર.

વિવેચનકાર, પન્યાસ કેસરવિજયજી.

...ત્તિ ઉંચા કાગળપર માંગરાળ જૈન સભાએ ...

...પપ ફર્મા છતા કીંમત માત્ર ...

...ખો:—મેઘજી હીરજીની કુંપની...